**સુવિચાર**

સંબંધ ત્યારે નબળા પડે જ્યારે એકબીજાને પામવા નીકળેલા બે જણ એકબીજાને માપવા લાગે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




સંતકબીર રોડ પર દ્વારકેશ ટેલીવીઝન સામે રીક્ષામાં ૮૧૬ દારૂના ચપલા સાથે શખ્સની ધરપકડ

P-4

Year-16, Issue-162 ■ DATE : 17-10-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દાદાના નવા મંત્રીમંડળનો શપથ સમારોહ સંપન્ન






**હર્ષ સંઘવી બન્યા નાયબ મુખ્યમંત્રીઃ કેબિનેટમાં એક પણ મહિલાને સ્થાન નહીંઃ જીતુ વાઘાણી, મોઢવાડીયા, કાંતી અમૃતિયા, રિવાબા જાડેજા, કુવરજીભાઇ બાવળીયા સહિતના મંત્રીઓએ હાથમાં ભગવત ગીતા લઇ શપથ લીધા**

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતના બહુચર્ચિત મંત્રીમંડળનું આખરે વિસ્તરણ કરવામાં આવ્યું છે. આજે સવારથી જેમને જેમને મંત્રીપદ મળવાનું છે, તેમને ફોન કરીને જાણ કરવામાં આવી રહી છે. જુના મંત્રીમંડળમાંથી ૬ પ્રધાનોને રિપિટ કરવામાં આવ્યા છે જ્યારે સૌરાષ્ટ્રને વધુ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે.

કોડીનારના પ્રદ્યુમન વાજા પછી હવે ભાવનગર ના જીતુ વાઘાણી, કૌશિક વેકરીયા, પોરબંદરના અર્જુન મોઢવાડિયા, મોરબીના કાંતિલાલ અમળતિયા, જામનગરના રિવાબા જાડેજા ને પણ પ્રધાનમંડળમાં જોડાવા માટે આમંત્રણ મળ્યું છે. આ ઉપરાંત કુંવરજીભાઈ બાવળીયા, પ્રદ્યુમન વાજા અને પરસોતમભાઈ સોલંકી ને પણ આમંત્રણ મળી ચૂકયું છે. કુલ ૧૭ નામો જાહેર થઈ ગયા છે. ગણદેવીના નરેશ પટેલને પણ નિમંત્રણ મળ્યું છે.

આમ જામનગરના રીવાબા જાડેજા, ગણદેવીના નરેશ પટેલ, લવિંગજી ઠાકોર, સીજે ચાવડા, રાકેશ પટેલ ઉપરાંત હર્ષ સંઘવી, પરસોતમ સોલંકી, કુવરજીભાઈ બાવળીયા, પ્રફુલ્લ પાનસુરીયા, કનુ દેસાઈ, ઋષિકેશ પટેલ, પ્રદ્યુમન વાજા, બળવંતસિંહ રાજપુત, સંગીતા પાટીલ, અરવિંદ રાણાને નિમંત્રણો મળી ચૂકયા છે.

એક તરફ, બિહાર વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર શરૂ થયો છે તો બીજી તરફ, રાહુલ ગાંધીનું વોટ ચોરી આંદોલન વેગ પકડી રહ્યુ છે. આ બધાય મુદ્દાઓ વચ્ચે ભાજપના ગઢ ગણાતા ગુજરાતમાં મંત્રીમંડળને નવો ઓપ અપાયો છે. મિશન ૨૦૨૭ને ધ્યાનમાં રાખીને ભાજપ હાઈકમાન્ડે ગુજરાત મંત્રીમંડળની નવી ટીમ તૈયાર કરી છે. ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના મંત્રી મંડળના વિસ્તરણમાં પદનામિત મંત્રીઓનો શપથ વિધિ કાર્યક્રમ શરૂ થયો છે. ગાંધીનગરના મહાત્મા મંદિર બહાર શપથવિધિના બોર્ડ લાગ્યા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત રાજ્યમંત્રીમંડળના આ વિસ્તરણમાં સમાવિષ્ટ થનારા પદનામિત મંત્રીઓને હોદ્દો અને ગોપનીયતાના શપથ આ સમારોહમાં લેવડાવશે.

નવા મંત્રીઓનું સસ્પેન્સ ધીરે ધીરે ખૂલી રહ્યું છે. નવા મંત્રી મંડળમાં સામેલ થનારા મંત્રીઓને ફોન આવવાની શરૂઆત થઈ ગઈ છે હર્ષ સંઘવી(રિપીટ), પ્રફુલ પાનસેરિયા (રિપીટ) કુંવરજી બાવળિયા (રિપીટ) ઋષિકેશ પટેલ (રિપીટ) પરસોત્તમ સોલંકી (રિપીટ) કનુ દેસાઈ (રિપીટ), અરવિંદ રાણા, રાકેશ પટેલ, સંગીતાબેન પાટીલ, સી.જે. ચાવડા, બળવંતસિંહ રાજપૂત, કુમાર કાનાણી લવિંગજી ઠાકોર, નરેશ પટેલ (ગણદેવી), પ્રદ્યુમન વાજા, રીવાબા જાડેજા, મનિષાબેન વકિલ, કાંતિ અમૃતિયા, દર્શના વાઘેલા, અર્જુન મોઢવાડીયા સહિતને નવા મંત્રીમંડળમાં પંસદગી પામેલા નેતાઓને ફોન કરીને જાણ કરવામાં આવી રહી છે.

આ પગલું ગુજરાતમાં આગામી મહત્ત્વપૂર્ણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીઓ પહેલા પક્ષના સંગઠન અને શાસનમાં નવી ઊર્જા અને નવા ચહેરાઓને તક આપવાની વ્યૂહરચનાના ભાગ રૂપે જોવામાં આવે છે. આ સાથે આ મોટો ફેરફાર ભાજપ હાઈકમાન્ડ રાજ્યમાં સત્તાવિરોધી લહેરને ઘટાડવા અને જ્ઞાતિ અને પ્રાદેશિક સંતુલનને જાળવવા માટે કરી રહ્યું છે

ભૂપેન્દ્ર પટેલ સરકારનું નવું મંત્રીમંડળ આજે શપથ લેવા જઈ રહ્યું છે, જે ગુજરાતના રાજકારણમાં એક નવા યુગનો સંકેત આપે છે. એ વિસ્તારમાં પકડ, સ્વચ્છ છબી અને શિક્ષિત ધારાસભ્યોને મંત્રીમંડળમાં સ્થાન

**જયેશ રાદડીયા, દર્શિતાબેન શાહ સહિતના ઉમેદવારોનું પત્તુ કપાયુંઃ ભાનુબેન બાબરીયા - રાઘવજી પટેલ સહિતના ૧૦ મંત્રી પડતા મુકાયા**

આપીને એક મજબૂત સંદેશ આપ્યો છે કે હવે વહીવટમાં ગુણવત્તા અને સ્વચ્છતાને પ્રાધાન્ય આપવામાં આવશે. ગાંધીનગરમાં દ૫ નિવાસ સ્થાને મોડી રાત સુધી ચાલેલી બેઠકોમાં નવા મંત્રીઓની ચાલ ચલગત અને કામ કરવાની ક્ષમતા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આનાથી સ્પષ્ટ થાય છે કે મંત્રીમંડળની પસંદગીમાં જ્ઞાતિગત કે પ્રાદેશિક સંતુલનની સાથે-સાથે ઉમેદવારની વ્યક્તિગત યોગ્યતા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આ મંત્રીમંડળ પરિવર્તન દ્વારા રાજ્યના વહીવટીતંત્રને વધુ કાર્યક્ષમ બનાવવાનો પ્રયાસ કરાયો છે.

જસ્ટિસ આર.સી.સરકારિયા પંચની ભલામણ મુજબ ગુજરાત સરકારને મુખ્યમંત્રી સહિત કુલ ૨૭ સભ્યોની મંત્રીપરિષદની છુટ છે. મંત્રીમંડળના કદ ઉપરાંત વિધાનસભામા અધ્યક્ષ, શાસકપક્ષે મુખ્ય દંડક વત્તા હાલમા ઉપદંડકના ચારેક પદો છે. જેમને પણ મંત્રીકક્ષાનો પ્રોટોકોલ ઉપલબ્ધ છે. આથી. જો મંત્રીપરિષદનું કદ ૨૫ જેટલુ રહે અને વિધાનસભાના છ જેટલા પદો રહે તેવી સ્થિતિમાં કુલ ૩૧થી તેથી વધારે ધારાસભ્યોને મંત્રી કે તેમને સમકક્ષ -ોટોકોલ ઉપલબ્ધ થશે. આમ, ભાજપના ૧૬૨માંથી પ્રત્યેક દ્દ્રા કે સાતમા ધારાસભ્ય પદાધિકારી રહેશે.

૧૬ મંત્રીઓએ ગુરૂવારની બપોરે મુખ્યમંત્રીને રાજીનામા સોપ્યા બાદ આ તમામ મંત્રીઓ પાસે રહેલા સઘળા વિભાગોનો હવાલો વિધીનુસાર મુખ્યમંત્રીને હસ્તક આવી ગયો છે! અહીં એ નિર્દેશ કરવો જરૂરી છે કે, ધારાસભ્યને સરકાર સંચાલનકર્તા- મંત્રીના અધિકારો રાજ્યપાલ દ્વારા બંધારણિય શપથથી ઉપલબ્ધ થાય છે પરંતુ, વિભાગોની ફાળવણી તો મુખ્યમંત્રી દ્વારા જ થાય છે. આથી, સરકારમાં એકપણ મંત્રી ન હોવાની સ્થિતિમાં સર્વે વિભાગોના સર્વેસર્વા તરીકે મુખ્યમંત્રી રહે છે. ઉલ્લેખનિય છે કે, શુક્રવારે શપથવિધિ બાદ સાંજે નવી મંત્રીપરિષદની બેઠક દરમિયાન મુખ્યમંત્રી વિભાગોની ફાળવણી કરશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુરૂવારે મુંબઈનો કાર્યક્રમ પૂર્ણ કરીને ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને પરત ફર્યા બાદ બપોરે ત્રણેક વાગ્યાના આરસામાં સાગમટે પોતાના મંત્રીમંડળના તમામ ૧૯ સભ્યોના રાજીનામા લીધા હતા. અલબત્ત, મુંબઈ જતા પહેલા સવારે અખબારી બાદી મારફતે તેમણે શુકવારે સવારે ૧૧.૩૦ કલાકે મહાત્મા મંદિરમાં મંત્રીમંડળના વિસ્તરણ-શપથવિધિનો કાર્યક્રમ યોજાશે તેવી ઘોષણા કરી હતી. આજે યોજનારી શપથવિધિમાં કેટલા મંત્રીને પડતા મુકાય છે, કેટલા રિપિટ થાય છે? તેનું સાચુ ચિત્ર સ્પષ્ટ થશે. ભાજપમાંથી પાપ્ત માહિતી મુજબ ૧૫મી વિધાનસભાને બે જ વર્ષની મુદ્દત બાકી છે ત્યારે ૧૯૨ ધારસભ્યો હોવાથી આ વખતે પૂર્ણકદ અર્થાત ૨૭ સભ્યો ધરાવતી મંત્રીપરિષદની રચના થાય તેવી વકી છે.

નવા મંત્રીમંડળની શપથ વિધિ બાદ બપોરે લગભગ ૩ વાગ્યા આસપાસ કેબિનેટ બેઠક મળવાની સંભાવના છે. આ બેઠકમાં તમામ મંત્રીઓને તેમના મહત્વપૂર્ણ ખાતાઓની ફાળવણી કરવામાં આવશે. ખાતાઓની વહેંચણી એ સરકારની પ્રાથમિકતાઓ અને નવા મંત્રીઓની ક્ષમતાનો અરીસો હશે. મંત્રીઓ પોતાના ખાતાનો ચાર્જ કયારે સંભાળશે તે અંગે શુભ મુહૂર્તનું ધ્યાન રાખવામાં આવ્યું છે. કેટલાક મંત્રીઓ ધનતેરસના શુભ દિવસે પોતાનો ચાર્જ સંભાળશે, જ્યારે અન્ય કેટલાક મંત્રીઓ દિવાળી બાદ સાતમના દિવસે (નવા વર્ષના પ્રથમ સાતમા દિવસે) ઓફિસનો ચાર્જ સંભાળીને નવા પ્રારંભની શરૂઆત કરશે.

આ સમગ્ર કવાયત રાજ્યમાં સુશાસન સ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી છે. શિક્ષિત અને સ્વચ્છ પ્રતિભાને મંત્રીમંડળમાં સમાવવાથી વહીવટી પ્રક્રિયામાં પારદર્શિતા અને ગતિ આવવાની અપેક્ષા છે. જનતાને આશા છે કે આ નવું મંત્રીમંડળ વિકાસના કાર્યોને અધિક વેગ આપશે અને ભ્રષ્ટાચાર મુક્ત શાસન પ્રદાન કરશે. ભૂપેન્દ્ર પટેલના નેતળત્વમાં, આ નવું મંત્રીમંડળ ગુજરાતને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે કટિબદ્ધ રહેશે તેવી અપેક્ષા છે.

## રાજકોટના એકપણ ધારાસભ્યને મંત્રીમંડળમાં સ્થાન નહીં

### સૌરાષ્ટ્રના અન્ય વિસ્તારોના ૮ ધારાસભ્યોને મળ્યું મંત્રીપદ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત મંત્રી મંડળની આજે બપોરે શપથ વિધિ પૂર્વે સવારે અર્ધો ડઝન વર્તમાન પ્રધાનોને ફરી મંત્રી પદે શપથ લેવાના ફોન આવી ગયા હતા. સૌરાષ્ટ્રના બે કોળી નેતાઓ કેબીનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળીયા અને રાજયમંત્રી પરસોતમભાઇ સોલંકીનું સ્થાન યથાવત રાખવામાં આવ્યું છે. તો સૌરાષ્ટ્રમાંથી જામનગરના રીવાબા જાડેજા, પોરબંદરના અર્જુનભાઇ મોઢવાડીયા, અમરેલીના કૌશિકભાઇ વેકરીયા, કચ્છના ત્રિકમભાઇ છાંગા, મોરબીના કાંતિભાઇ અમૃતિયા, ભાવનગરના જીતુભાઇ વાઘાણી, કોડીનારના પ્રદ્યુમન વાજાને પ્રધાન મંડળમાં સ્થાન મળ્યું છે. સૌરાષ્ટમાં સવારે બે કોળી નેતાઓને ફોન આવ્યા બાદ ૧૦:૩૦ વાગ્યા સુધી અન્ય ધારાસભ્યો કોલ માટે પ્રતિક્ષામાં હતા. આ બાદ તબકકાવાર નામ જાહેર થવા લાગ્યા હતા. સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ શહેરમાંથી પ્રથમ ટર્મમાં કેબીનેટ મંત્રી બનેલા ભાનુબેન બાબરીયાનું મંત્રીપદ છીનવાયું છે.

સાથે જ તેમની જગ્યાએ રાજકોટમાંથી સરકારમાં કોઇને મંત્રી બનવાનો કોલ ન આવતા રાજકોટનું પ્રતિનિધિત્વ હાલ પુરતું શૂન્ય જેવું થઇ ગયું છે. રાજકોટમાંથી ઉદય કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઇ ટીલાળાના નામ મંત્રી પદ માટે આજે સવાર સુધી ચર્ચામાં હતા. જેના પર પૂર્ણવિરામ મુકાઇ ગયું છે. મોરબીનો વટ પડી ગયો છે. આજે સવારથી નવા સભ્યોને શપથ લેવાના ફોન આવવા શરૂ થયા હતા. આ બે પ્રધાન સાથે અન્ય વર્તમાન મંત્રીઓ ઋષિકેશ પટેલ, હર્ષ સંઘવી, કનુભાઇ દેસાઇ, પ્રફુલભાઇ પાનસેરીયાને પણ પ્રધાન પદ માટેનો ફોન આવી ગયો હતો.

મંત્રી મંડળમાં જે નવા ચહેરાઓને સવારે ફોન આવ્યા તેમાં સૌરાષ્ટ્રના કોડીનારના પ્રદ્યુમનભાઇ વાજાનો સમાવેશ થાય છે. આ સિવાય સુરતના ત્રણ-ત્રણ ધારાસભ્યોને સ્થાન મળ્યું છે. જેમાં કુમાર કાનાણી, સંગીતાબેન પાટીલ, અરવિંદ રાણાનો સમાવેશ થાય છે. તો વાવના સ્વરૂપજી ઠાકોરની એન્ટ્રી થઇ છે.

કોડીનારને લાંબા સમય બાદ મંત્રી પદ મળ્યું છે. પ્રદ્યુમન વાજાનું નામ પ્રદેશ ભાજપ પ્રમુખ પદ માટે પણ ચાલતું હતું. ચુસ્ત સંઘ સેવકને હવે મંત્રી મંડળમાં તક મળી ગઇ છે. કચ્છને પણ નવા મંત્રી મંડળમાં પ્રતિનિધિત્વ મળ્યું છે અને અંજારના ત્રિકમભાઇ છાંગાને પ્રધાન મંડળમાં સામેલ કરવામાં આવ્યા છે. વિધાનસભાના નાયબ દંડક અમરેલીના કૌશિક વેકરીયા હવે મંત્રી બનશે. લાંબા સમયથી પ્રતિક્ષામાં રહેલા પોરબંદરના અર્જુન મોઢવાડીયા હવે મંત્રી મંડળમાં સભ્ય બન્યા છે. જસદણના કુંવરજીભાઇ બાવળીયાએ પોતાનું મહત્વ અને કદ બંને ટકાવી રાખ્યા છે.

## ભુપેન્દ્ર પટેલ સરકારના મંત્રીમંડળમાં છેલ્લી ઘડી સુધી સસ્પેન્સ!


### ધારાસભ્યો અને તમામ મંત્રીઓની નજર સીએમ બંગલા ભણી હતીઃ જબરૂ સસ્પેન્સ રહ્યું

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતમાં ભુપેન્દ્ર સરકારના મંત્રીમંડળમાં ફેરફારના ગુરુવારથી શરૂ થયેલા કાઉન્ટડાઉનમાં આજે આખરી ઘડી સુધી ભારે સસ્પેન્સ રહ્યું હતું તથા ગાંધીનગરમાં પક્ષના જે ધારાસભ્યો ગઈકાલ સવારથી પહોંચવા લાગ્યા હતા. તેઓ પુરા દિવસ કોને ફરી શપથ લેવાની તક મળશે કોની નવા ચહેરા તરીકે પસંદગી થઈ છે અને કોના માટે હવે દિવાળી મંત્રીપદ વગરની હશે તેની ચર્ચા હતી.

કેન્દ્રમાંથી પહેલા મહામંત્રી સુનિલ બંસલ ગાંધીનગર પહોંચ્યા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેનો ૩ કલાક મુંબઈ પ્રવાસ યથાવત રાખ્યો હતો અને પહેલા સુનિલ બંસલ અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર તથા બાદમાં પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ રત્નાકર જોડાયા હતા અને બાદમાં તખ્તો મુખ્યમંત્રી આવાસ ફેરવાયો હતો. આ સમયે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા પણ ગાંધીનગર આવી પહોંચ્યા હતા અને રાત્રીના ૮ વાગ્યે સી.એમ. આવાસમાં તેઓ પહોંચ્યા.

એક તબકકે એવી ચર્ચા હતી કે જૂના-નવા તમામ મંત્રીઓને સીએમ આવાસે બોલાવશે પણ આ અગાઉ મુખ્યમંત્રી શ્રી



ભુપેન્દ્ર પટેલએ તેમના નિવાસે જ કેબીનેટ સાથીદારોને બોલાવ્યા અને અગાઉથી તૈયાર રખાયેલા રાજીનામા પત્ર દરેકને આપવામાં આવ્યા હતા અને તેઓને ફકત સહી જ કરવાની હતી. રાત્રીના ૮ વાગ્યે સીએમ આવાસે તમામ ધારાસભ્યોને રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાએ ધારાસભ્યોને સંબોધન કરીને પક્ષ જે કંઈ નિર્ણય લેશે તે પક્ષ અને ગુજરાતના હિતમાં હશે તેવું જણાવી આગામી સમયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીઓ જ મહત્વની છે તે સ્પષ્ટ સંદેશ છે.

આ બાદ રાત્રીના ધારાસભ્યોને લાડવા-ભજીયાનું ભોજન કરાવાયું પણ છેલ્લી ઘડી સુધી સસ્પેન્સ રહ્યો હતો. એક અહેવાલ મુજબ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાત્રીના ૯ વાગ્યે જ રાજયપાલ આચાર્ય દેવવ્રતને મળવા જવાના હતા પણ રાત્રીના જ સી.એમ. ઓફીસમાંથી રાજયપાલનો સવારનો સમય મેળવી લેવાયો. પક્ષના ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ જે રીતે મંત્રીમંડળમાં મોટી 'સર્જરી' કરવાની હતી તેની 'ગંધ' કેટલાક સીનીયર ધારાસભ્યોને આવી ગઈ હતી અને છેક દિલ્હી-પટણા સુધી ફોન થયા હતા.

ગૃહમંત્રી તથા ગુજરાતના મેન્ટર શ્રી અમીત શાહ પટણામાં છે. તેઓ હવે તા.૧૯ના રોજ ગુજરાત આવશે પણ દિલ્હી અને પટણા વચ્ચે પણ ફોનમાં વાતચીત થઈ હતી. આ બાદ પુર્વ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ પણ અમદાવાદ પહોંચી ગયા હતા.

પક્ષના ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ રાત્રીના ધારાસભ્યોના આવાસે મંત્રીઓના બંગલા અને સીએમ આવાસમાં જબરો ધમધમાટ હતો અને પછી યાદીમાં કેટલાક ફેરફાર થયા. ખાસ કરીને એક-બે મંત્રી જે કપાવાના હતા તેઓ 'બચી' ગયા હતા. આમ દિલ્હી-પટણાથી મળતી સૂચના મુજબ જ આખરી યાદી તૈયાર થઈ હતી અને તે આજે સવારે રાજયપાલને નવ વાગ્યે ચુંટણી થઈ હતી.

બીજી તરફ મહાત્મા ગાંધી મંદિરમાં શપથવિધિના સ્ટેજ પર કેટલી ખુરશીઓ ગોઠવાઈ છે તેના આધારે પણ ભુપેન્દ્ર પટેલ સરકારમાં હવે નવા મંત્રી હશે તેની પણ ચર્ચા હતી.

## મુસાફર ટ્રેનોના સમય પાલનમાં ૧૦થી ૧૫ ટકાનો સુધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ડેડીકેટ ફ્રેટ કોરિડોર (ડીએફસી)ને લઈને યાત્રી ટ્રેનોના સમય પાલનમાં ૧૦-૧૫ ટકાનો સુધારો થયો છે. જયારે માલગાડીઓ સરેરાશ ૯૯ કિલોમીટર દર કલાકની ઝડપે દોડી રહી છે, જે રાજધાની એકસપ્રેસથી વધુ છે.

ભારતીય રેલવેના નેટવર્કમાં હવે યાત્રી અને માલ પરિવહન માટે અલગ પાટા છે. આથી સરકાર દિલ્હી-મુંબઈ અને દિલ્હી-કોલકાતા રેલ માર્ગ પર ૧૬૦ કિલોમીટર દર કલાકની ગતિથી યાત્રી ટ્રેનો ચલાવવાનું લક્ષ્ય હાંસલ કરવાની દિશામાં આગળ વધી રહી છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, દિલ્હી-મુંબઈ અને દિલ્હી-કોલકતાના હાલના રેલમાર્ગ પર ૭૦ ટકા માલગાડી ડીએફસી પર શિફટ થઈ ગઈ છે.

આનો ઉદેશ વ્યસ્ત દિલ્હી-મુંબઈ અને દિલ્હી કોલકતા માર્ગોથી માલગાડીઓની અવર-જવરને અલગ કરવાનો છે. આથી હાલના રેલમાર્ગો પર



કંજેશન ૭૦ ટકા સુધી ઘટાડવાનું લક્ષ્ય છે.

દિલ્હીથી મુંબઈ, કોલકાતા માર્ગ પર ૧૬૦ કી.મી.ની ઝડપઃ રેલવેના લક્ષ્ય મિશન રફતાર અંતર્ગત દિલ્હી-મુંબઈ, દિલ્હી-કોલકાતા (દિલ્હી-હાવડા) રેલમાર્ગો પર યાત્રી ટ્રેનોના યાત્રા સમયમાં ઘટાડો કરવાનો છે. યાત્રી ટ્રેનોની અધિકતમ ગતિ વધારીને ૧૬૦ કિલોમીટર દર કલાકનો કરવાનો છે.

હાલ સુપરફાસ્ટ ટ્રેનોની સરેરાશ અધિકતમ ગતિ લગભગ ૧૩૦ કી.મી. દર કલાકની છે. દિલ્હી-મુંબઈ વચ્ચેનો યાત્રા સમય ઘટાડીને ૧૦ કલાક અને દિલ્હી-કોલકાતા વચ્ચે ૧૨ કલાકનો કરવાનું લક્ષ્ય છે.

ડીએફસી પર રોજ સરેરાશ ૩૯૧ માલગાડીઓ ચલાવાઈઃ ડીએફસી પર માલગાડીઓની સરેરાશ ગતિ લગભગ ૨૫ કી.મી. દર કલાકથી વધારીને ૭૦-૮૦ કી.મી. દર કલાક કરવામાં આવી છે. કેટલાક સેકશન પર તે ૯૯ કી.મી. દર કલાક રહી.

માલગાડીઓ માટે સમર્પિત ટ્રેક બનવાથી તે લાંબા, ભારે અને ડબલ-સ્ટેકડ કન્ટેનર ટ્રેનોનું સંચાલન કરી શકે છે. જેથી માલનું પરિવહન ઓછા સમયમાં અને ઓછા ખર્ચે થયું છે. જાન્યુઆરી ૨૦૨૫માં બન્ને કોરિડોર પર દરરોજ સરેરાશ ૩૯૧ માલગાડીઓ ચલાવવામાં આવી.

## બીજાના સ્વમાનના ભોગે વાણી અને અભિવ્યક્તિના અધિકારનો ઉપયોગ કરી શકાય નહીંઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અનિયંત્રિત સોશિયલ મીડિયાના જોખમો અંગે ચેતવણી આપતા સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે બીજાના ગૌરવ અને અખંડિતતાના ભોગે વાણી અને અભિવ્યક્તિના અધિકારનો ઉપયોગ કરી શકાય નહીં. તાજેતરમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ બી આર ગવઈ પર જૂતું ફેંકવા જેવી ઘટનાઓ પૈસા કમાવવાના સાહસો સિવાય બીજું કંઈ નથી. ૬ ઓક્ટોબરે કોર્ટની સુનાવણી દરમિયાન CJI તરફ જૂતું ફેંકનાર ૭૧ વર્ષીય એડવોકેટ રાકેશ કિશોર સામે તિરસ્કારની કાર્યવાહીની અરજીની તાત્કાલિક સુનાવણી કરવાની સોલિસિટર જનરલ તુષાર મહેતા અને વરિષ્ઠ વકીલ વિકાસ સિહાએ માગણી કરી ત્યારે ન્યાયાધીશ સૂર્યકાંત અને જોયમાલ્યા બાગચીની બનેલી ખંડપીઠે આ અવલોકન કર્યાં હતાં. વરિષ્ઠ વકીલ વિકાસ સિહાએ રજૂઆત કરી હતી કે રાકેશ કિશોરે પસ્તાવો વ્યક્ત કર્યો નથી અને ઈન્ટરવ્યૂ આપી રહ્યાં છે, જે સોશિયલ મીડિયા પર ફરતાં થયાં છે. તેનાથી સર્વોચ્ચ અદાલતની સંસ્થાકીય અખંડિતતાને અસર થાય છે. સોશિયલ મીડિયા પર આવી સામગ્રી પ્રસારિત થતી અટકાવો. આ પછી ખંડપીઠે જણાવ્યું હતું કે અમે વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની વિરુદ્ધમાં નથી, પરંતુ આ અધિકારનો ઉપયોગ અન્ય લોકોની અખંડિતતા અને ગૌરવના ભોગે કરી શકાય નહીં. સુનાવણીની શરૂઆતમાં મહેતાએ માહિતી આપી હતી કે એટર્ની જનરલ આર વેંકટરામણીએ વકીલ સામે ફોજદારી તિરસ્કારની કાર્યવાહી શરૂ કરવા માટે તેમની સંમતિ આપી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અલ્ગોરિધમ પર કામ કરે છે અને આ પ્રકારની ઘટનાઓ અને ટિપ્પણીઓ પૈસા કમાવાનું સાધન બની જાય છે. ન્યાયાધીશ બાગચીએ જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા યુઝર્સ માટે આ ઘટનાઓ ઘણીવાર પૈસા કમાવવાના સાહસો બની જાય છે. અલ્ગોરિધમ આવી સામગ્રીને પ્રોત્સાહન આપે છે. આ પ્રકારની ટિપ્પણીઓ કરવામાં આવે ત્યારે હિટ્સની સંખ્યામાં વધારો થયો છે. ખંડપીઠે જણાવ્યું હતું કે આ પ્રકારની કાર્યવાહી શરૂ કરવાથી સોશિયલ મીડિયાને વધુ મસાલો મળશે અને તેના બદલે આ મામલાને તેના પોતાના કુદરતી મોતે મરવા દેવો જોઈએ. જોકે દિવાળી વેકેશન પછી આ મામલોની સુનાવણી કરવાનો સંકેત આપતા ખંડપીઠે જણાવ્યું હતું કે ચાલો જોઈએ કે એક અઠવાડિયા પછી પણ વેચાણપાત્ર મુદ્દાઓ બાકી છે કે નહીં. ન્યાયાધીશ કાંતે કહ્યું હતું કે સોશિયલ મીડિયામાં કમનસીબે આ પ્રકારની ઘટનાઓ ટ્રેન્ડ થવા લાગે છે અને આગળની કાર્યવાહી કરવાથી વિવાદ જ જીવંત રહેશે.

# દિવાળીના તહેવાર નિમીતે ફટાકડા ફોડતી વખતે સલામતી અને સાવચેતી જાળવવા અંગે જરૂરી સૂચનો



**મુખ્ય સમાચાર, જામનગર**

દિવાળી પર્વ નિમીતે જિલ્લામાં કોઇ આકસ્મિક ઘટના આગ કે અન્ય બનાવ ન બને, લોકોની સલામતી જળવાય અને લોકો પુરા હર્ષોલ્લા-સથી તહેવારની ઉજવણી કરી શકે તે માટે જાહેર જનતાના હિતાર્થે દિવાળીના તહેવાર દરમ્યાન સલામતી અને સાવચેતી રાખવા અંગે જરૂરી સૂચનાઓ આ મુજબ છે.ખુલ્લી જગ્યામાં ફટાકડા ફોડો અને ખાતરી કરો કે આજુબાજુ કોઈ જ્વલનશીલ અથવા દાહક પદાર્થ નથી.હંમેશા લાયસન્સ ધરાવતા વિક્રેતાઓ પાસેથી ફટાકડા ખરીદો.ક્રેકરના લેબલ પર છાપેલી સૂચનાઓ વાંચવાનું યાદ રાખો, ખાસ કરીને જો ક્રેકર વાપરવા માટે નવું હોય. ફટાકડાને બંધ કન્ટેનરમાં સ્ટોર કરો અને આસપાસના કોઈપણ દાહક અથવા જ્વલનશીલ પદાર્થોથી દૂર રાખો.ફટાકડા સળગાવતી વખતે, સલામત અંતર જાળવો.ફટાકડા ફોડતી વખતે, તમારા વાળને યોગ્ય રીતે બાંધો, ખાસ કરીને જો તમારા વાળ લાંબા હોય તો, તમે શું પહેરેલ છે ? તેના પર નજર રાખો. લાંબા અને ઢીલા કપડાં પહેરવાનું ટાળો કારણ કે તેમાં આગ લાગવાની શક્યતા છે. તેના બદલે,ફીટ કરેલા કોટનના કપડાં પહેરો.ખાતરી કરો કે તમારું બાળક તમારી દેખરેખ હેઠળ ફટાકડા ફોડે છે. બાળકોનું વિશેષ ધ્યાન રાખો.જો ફટાકડાનો અવાજ બહેરાશભર્યો હોય, તો નુકસાન ટાળવા માટે તમારા કાનમાં કોટન પ્લગ મૂકો.શ્વસન પ્રક્રિયા સબંધી કોઇપણ પ્રકારની સમસ્યાવાળા લોકોએ ઘરની અંદર જ રહેવું જોઈએ. તમારી છતની ટોચ પરથી કોઈપણ જ્વલનશીલ પદાર્થને દુર કર્યાની ખાતરી કરો.ફટાકડા ફોડતી વખતે ફૂટવેર પહેરો, હાથમાં ફટાકડા ફોડશો નહી. સળગતી મીણબત્તીઓ અને દીવાઓની આસપાસ ફટાકડા ખુલ્લા ન છોડો.વીજળીના થાંભલા અને વાયરો પાસે ક્યારેય ટાકડા ફોડવા નહીં.અડધા બળી ગયેલા ફટાકડાને ક્યારેય ફેંકશો નહીં કે અડકશો નહિ તે જ્વલનશીલ પદાર્થ પર પડી શકે છે અને આગ પ્રગટાવી શકે છે. સિલ્ક અને સિન્થેટિક ફેબ્રિક ન પહેરો.ફટાકડા ફોડવા માટે ઓપન ફાયર મેચ બોક્ષ અથવા લાઇટર નો ઉપયોગ કરવાનું ટાળો.ફોડવા માટે સ્પાર્કલર, લાંબુ ફાયર લાકડું અથવા અગરબત્તીનો ઉપયોગ કરો.કોઈપણ વાહનની અંદર ફટાકડા ફોડવાનો પ્રયાસ ક્યારેય કરશો નહીં.

જો ફટાકડા ફૂટવામાં વધુ સમય લાગે તો તેની સાથે છેડછાડ કરવાનું ટાળો. ક્રેકરથી સુરક્ષિત અંતર જાળવો અને તેને ફેલાવવા માટે પાણી રેડો. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી અને કોટન ગોડાઉન વિસ્તારની આજુબાજુ ફટાકડા ફોડવા નહિ. ઈમરજસી માટે પાણીની ડોલ હાથમાં રાખો.આગના કિસ્સામાં જિલ્લા કંટ્રોલ રૂમ ખાતે ફોન નં.૦૨૮૮-૨૫૫૩૪૦૪, જામનગર મહાનગરપાલિકા ફાયર કંટ્રોલ રૂમ નં.૦૨૮૮-૨૬૭૨૨૦૮ અથવા ફાયર બ્રિગેડને ૧૦૧ પર કોલ કરો. તેમ નિવાસી અધીક કલેક્ટર બી.એન.ખેરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગર જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને વેગ આપવા ખેડૂતો માટે પ્રેરણા પ્રવાસ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે જિલ્લા વહીવટી તંત્ર, પ્રાકૃતિક કૃષિ બોર્ડ અને આત્મા પ્રોજેક્ટ દ્વારા 'પ્રેરણા પ્રવાસ' નું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી આવેલા પ્રગતિશીલ ખેડૂત મિત્રોને આ પ્રવાસ અંતર્ગત જિલ્લાના સફળ મોડેલ પ્રાકૃતિક ફાર્મોની પ્રત્યક્ષ મુલાકાત કરાવવામાં આવી હતી.અને પ્રાકૃતિક ખેતીના જીવંત અને સકારાત્મક પરિણામો બતાવીને તેમને આ પદ્ધતિ અપનાવવા પ્રેરિત કરાયાં હતા.આ અવસરે પ્રાકૃતિક કૃષિ બોર્ડ અને આત્મા વિભાગના અધિકારીઓએ ખાસ ઉપસ્થિત રહી ખેડૂતો સાથે સીધો સંવાદ કર્યો હતો. તેમણે પ્રાકૃતિક ખેતીની વૈજ્ઞાનિક પદ્ધતિઓ, જમીનના આરોગ્યનું સંવર્ધન અને ખર્ચમાં બચત જેવા નિર્ણાયક મુદ્દાઓ પર વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.તાલીમના ભાગરૂપે, અધિકારીઓ દ્વારા ખેડૂતોને જીવામૃત અને ઘનજીવામૃત બનાવવાની સચોટ અને પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત, જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી



રાખતી મલ્ચિંગ પદ્ધતિ અને રસાયણમુક્ત કીટનાશક દ્રાવણો જેમ કે ખાટી છાશ, બ્રહ્માસ્ત્ર, નિમસ્ત્ર વગેરે દ્વારા જીવાત નિયંત્રણના અસરકારક ઉપાયો વિશે પણ ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી.મોડેલ ફાર્મ પર ખેડૂતોને પ્રાકૃતિક ખેતી દ્વારા મેળવેલા ઉત્કૃષ્ટ પરિણામો, પાકની ગુણવત્તા અને ઓછા ખર્ચમાં વધુ નફાકારકતા માટેના માર્કેટિંગના સફળ માધ્યમોનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આવનારા સમયમાં આવા પ્રેરણાત્મક કાર્યક્રમોને વધુ વિસ્તૃત અને નિયમિત રૂપે યોજીને જિલ્લાના મહત્તમ ખેડૂતો સુધી પ્રાકૃતિક કૃષિનો સંદેશ પહોંચાડવાની યોજના છે.

# જામનગરના સ્વદેશી મેળામાં ખાખરાનું વેચાણ કરીને મંજુલાબેન દૈનિક રૂ.૧૭ હજારની આવક મેળવી રહ્યા છે



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સ્વદેશી અભિયાન તથા વોકલ ફોર લોકલ અભિયાનને સફળ બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં સ્વદેશી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે જામનગર શહેરના પ્રદર્શન ગ્રાઉન્ડમાં યોજાયેલા સ્વદેશી મેળામાં લોકો બહોળી સંખ્યામાં આવીને ખરીદી કરી રહ્યા છે. અહીં મંજુલાબેન નામના મહિલા વિવિધ ૧૫ ફ્લેવર્સના ખાખરા વહેચી સારી આવક મેળવી રહ્યા છે.ચિખલીયા મંજુલાબેન જણાવે છે,કે તેઓ રિદ્ધિ સિદ્ધિ સખી મંડળના પ્રમુખ છે. જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં તેઓ ૧૪ વર્ષથી ખાખરા ઉદ્યોગ ચલાવી રહ્યા છે. વિવિધ ૧૫ ફ્લેવર્સના ખાખરા જેમાં તેઓ આદુ-મરચા, પિત્ઝા, પાનીપુરી, મેથી મસલા, કોથમરી, સરગવો, ચાટમસાલા જેવા ફ્લેવર્સના ખાખરા બનાવે છે.

જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્વદેશી ચીજ વસ્તુઓનું વેચાણ વધારવાના હેતુથી પ્રદર્શન ગ્રાઉન્ડમાં શોપિંગ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમને વિનામુલ્યે સ્ટોલ ફાળવવામાં આવ્યો છે. અને જમવાનું પણ ફ્રીમાં આપે છે. આ સ્વદેશી મેળામાં બહોળી સંખ્યામાં લોકો મુલાકાત લે છે. આ સ્ટોલ પરથી તેઓ ખાખરાનું વેચાણ કરીને દૈનિક રૂ.૧૫ હજારથી ૧૭ હજારની આવક મેળવી રહ્યા છે. દિવાળીના તહેવાર દરમિયાન મહિલાઓને વ્યવસાય કરવાની તક પૂરી પાડવા બદલ તેઓ સરકારનો આભાર વ્યક્ત કરે છે.

# જામનગર સ્ટે. કમિટીમાં રૂ.૧૯.૫૯ કરોડના કામોને મંજુરી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં વેસ્ટઝોન વિસ્તારમાં જાહેરાતના હોર્ડીંગ બોર્ડ લગાવવા માટે અરજન્ટ બીઝનેશ તરીકે બે દરખાસ્ત આવી હતી જેમાં વેસ્ટ ઝોનમાં ૨૪૧૨૨૯૫ અને સેન્ટ્રલ ઈલેક્ટ્રીક પોલ પર કયુઓસ્ક બોર્ડ લગાવવા માટે રૂ. ૧૬.૦૯.૩૫૪ની દરખાસ્ત મંજુર કરાઇ હતી. આ કમિટીમાં ચેર ઉપરથી ૬ દરખાસ્ત મંજુર કરાઇ, સ્વદેશી મેળા માટે ડોમ તથા મંડપના કામનું રૂ. ૧૫.૬૦ લાખ મંજુર, શહેરમાં ગ્રીન કવરની અર્બન ગ્રીનીંગ પોલીસી ફ્રેમ વર્ક કરવા નિર્ણય વરસાદી પાણીના સંગ્રહ માટે ગ્રાઉન્ડ વોટર ચાર્જીસની દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી.

સ્ટે. કમિટીની બેઠક ચેરમેનના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં મ્યુ. કમિશ્નર ડી.એન. મોદી સહિત ૧૧ સભ્યો હાજર રહયા હતા, છેલ્લા કેટલાક સમયથી હોર્ડીંગ્સ અને કયુઓસ્ક બોર્ડ માટે ટેન્ડરીંગની પ્રક્રિયા કરવાની હતી જે મંજુર કરવામાં આવી છે, એબીસી પ્રોગ્રામ પોલીસી તરીકે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝરની દરખાસ્ત, શહેરમાં ગ્રીન કવરની કામગીરી અંતર્ગત ગ્રીનીંગ પોલીસી ફ્રેમ વર્ક કરવા, વારસાગત બાંધકામોના સંરક્ષણ હેઠળ શહેરના ઐતીહાસીક સ્મારકોની જાળવણી અંગેની કાર્યપધ્ધીને હેરીટેઝ કધઝર્વેશન પોલીસી તરીકે ફ્રેમ વર્ક કરવા, વિવિધ ઇન્ફ્રાસ્ટ્રકર પ્રોજેક્ટ અંતર્ગત બાંધકામની પધ્ધતીને ગુડ કધસ્ટ્રકટશન પ્રેકટીસ પોલીસી તરીકે ફ્રેમ વર્ક કરવા, વરસાદી પાણીના સંગ્રહ અને ગ્રાઉન્ડ વોટર રીચાર્જ કરવાની પોલીસીને રાજય સરકારમાં મંજુરી માટે રજુ કરવા ભલામણ સાથે જનરલ બોર્ડમાં મુકવા તેમજ સ્વદેશી મેળા માટે ડોમ અને મંડપનું રૂ. ૧૫.૬૦ લાખનું ખર્ચ મંજુર કરવામાં આવ્યુ હતું.આ ઉપરાંત સીટી એરીયાના કામમાં સપ્લાઇંગ ઓફ ડીઆઇ ફલાન્સ સોકેટ, સ્પીગોટ બેન્સ, ટીઝ, રીડયુસર્ઝ અને કાસ્ટર્ન આર્યન્સ જોઇન્ટસ ફો વોટર માટે રૂ. ૫૫.૬૭ લાખ, કાલાવડ નાકા બહાર કલ્યાણ ચોકથી એસટી ડીવીઝન સેન્ટર લાઇટ માટે ૧૧.૮૯ લાખ, પ્રોજેકટ પ્લાનીંગ શાખા હસ્તક સીવીલ વર્ક રોડ વર્ક મેઇન્ટનન્સ માટે ૮૪.૨૩ લાખ, શહેરમાં ઈલેકટ્રીક બસ ડેપો અને ઈલે. બસ સંચાલન પ્રોજેકટની કામગીરી માટેની દરખાસ્ત મ્યુ. કમિશ્નરને આપવા, ક્રિકેટ બંગલા શેરી નં. ૧ થી ૩માં વોટર ડ્રેનેઝ હાવેસ્ટીંગ સિસ્ટમ માટે રૂ. ૧૦૦.૯૪ લાખ, તળાવની પાળના ઢાળીયેથી સ્પોર્ટ કોમ્પલેક્ષ ટાઉન હોલ થઇ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ બનાવવા રૂ. ૧૮૧.૬૮ લાખ, વોર્ડ નં. ૧૧ લાલવાડી વિસ્તારમા મેઇન રોડ અને સીસી રોડ માટે ૨૩૩.૨૭, ગો ગ્રીન યોજના હેઠળ જુદા જુદા રસ્તામાં વૃક્ષારોપણ માટે ૧૪૯.૯૬ લાખ, નવાનાગના વિસ્તારમાં આંતર માળખાકીય સુવિધા માટે ૩૮.૦૪ લાખ, વોર્ડ ૧૧માં સીસી રોડ માટે ૨૨૭.૬૨ લાખ મંજુર કરાયા છે.આ ઉપરાંત વોર્ડ નં. ૬માં રવિપાર્ક સોસાયટીમાં સીસી રોડ માટે ૧૭૯.૨૪ લાખ,ગુલાબનગર રામવાડીમાં સીસી રોડ માટે ૨૫૨.૩૨ લાખ,વોર્ડ નં. ૫માં લોક ભાગીદારીથી માળખાકીય સુવિધા માટે ૧૨૫ લાખ, વોર્ડ નં. ૫માં વાયસેપ સીસી રોડ બનાવવા અને સીસી બ્લોક માટે ૧૩૧.૬૩ લાખ, વોર્ડ નં. ૫,૯,૧૩ અને ૧૪માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ટ્રાફીક વર્કસ માટે રૂ. ૧૦ લાખ મંજુર કરાયા છે.

# જામનગરમાં દિવાળી પર્વ પર ફટાકડા બજારમાં ખરીદીનો માહોલ જામ્યો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં દિવાળી પર્વ પર ફટાકડા બજારમાં ખરીદીનો માહૌલ જામી રહ્યો છે.

ઠેર ઠેર નાખવામાં આવેલ સ્ટોલ તથા પરંપરાગત રીતે ફટાકડાનો વેપાર કરતા સિઝન સ્ટોર્સમાં અવનવી વેરાયટીનાં ફટાકડાનો ખજાનો આવી ગયો છે. ફટાકડાનાં જાણીતા વેપારી મનુભાઈ ચાવડાનાં જણાવ્યાનુસાર આ વખતે ફટાકડા માં સરેરાશ ૧૦ થી ૧૫% જેવો ભાવ વધારો જોવા મળ્યો છે. ઉપરાંત પરંપરાગત ફડાકડા જેવા કે બોમ્બ, ઝાડવા, જમીન ચક્રી, રોકેટ ઉપરાંત હવામાં ફૂટતા આતશબાજીવાળા ફટાકડાઓમાં નવી આઇટમ્સ આવી ગઇ છે.

નાના બાળકો માટે પણ સુરક્ષિત કહી શકાય એવા પ્રકારનાં ફટાકડાઓમાં પણ નવી પ્રોડક્ટ આવી છે. આ વર્ષે માંગ સામે પુરવઠો ઓછો હોવાને પગલે દિવાળીનાં તહેવારોમાં છેલ્લે છેલ્લે ફટાકડાની ખરીદી કરનારને અછતનો સામનો કરવો પડી શકે એવી પણ સંભાવના છે.

# દિવાળી નિમિત્તે મોરબી શહેર ઝગમગી ઉઠ્યું: મનપા દ્વારા વિશિષ્ટ લાઈટિંગ ડેકોરેશન

**મુખ્ય સમાચાર, મોરબી**

દિવાળી પર્વ નિમિત્તે મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો, સર્કલો અને જાહેર સ્થળોએ આકર્ષક લાઈટિંગ ડેકોરેશન કરવામાં આવ્યું છે. નાગરિકોમાં આનંદ અને ઉત્સાહ વધારવા માટે સમગ્ર શહેર લાઇટિંગથી ઝગમગાવ્યું છે.

મોરબી મહાનગરપાલિકા હંમેશા શહેરની જનતા માટે સુવિધાસભર અને આનંદદાયક આયોજન કરવા માટે જાણીતી રહી છે. તહેવારોના પ્રસંગે નાગરિકોમાં ઉત્સાહ, ઉમંગ અને લાગણીસભર માહોલ સર્જાય તે હેતુથી, પાલિકા દ્વારા વિવિધ પ્રકારના સાંસ્કૃતિક અને શણગારાત્મક કાર્યક્રમો યોજવામાં આવે છે. ત્યારે આ દિવાળી પર્વ નિમિત્તે મહાનગરપાલિકા દ્વારા





શહેરના મુખ્ય માર્ગો અને ચોરાસ્થળોએ ઝગમગતી લાઈટિંગ ડેકોરેશનની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. મહાનગરપાલિકાની ઈલેક્ટ્રિકલ શાખા દ્વારા આ આયોજન અંતર્ગત શહેરના મુખ્ય સર્કલો, મહાનગરપાલિકા મુખ્ય કચેરી અને ટાઉનહોલ, ગાંધી ચોક સર્કલ તથા બાબા સાહેબ આંબેડકર સ્ટેચ્યુ, છત્રપતિ શિવાજી સર્કલ તેમજ શનાળા બસ સ્ટેન્ડ સર્કલ- રંગબેરંગી લાઈટોથી સજાવવામાં આવ્યા છે.

તદુપરાંત, મહેન્દ્ર ડ્રાઈવ રોડથી ગ્રીન ચોક, ગ્રીન ચોકથી નગર દરવાજા, માળિયા ફાટક બ્રીજ, ત્રાજપર બ્રીજ, ભક્તિનગર બ્રીજ અને આનંદનગર રોડ જેવા મુખ્ય માર્ગો પર પણ આકાશી લાઈટો અને વિશિષ્ટ ડેકોરેશનથી શહેરને તહેવારના રંગમાં રંગી દેવામાં આવ્યું છે. આ ઉજવણીના માધ્યમથી મોરબી શહેર એક રોશન અને આનંદભર્યા માહોલમાં ડૂબી ગયું છે. મહાનગરપાલિકા દ્વારા તમામ લાઈટિંગ કાર્ય સુવ્યવસ્થિત રીતે આયોજનબદ્ધ કરાયું છે જેથી નાગરિકો સલામત રીતે તહેવારનો આનંદ માણી શકે. આ સાથે મોરબી મહાનગરપાલિકા તરફથી શહેરના તમામ નાગરિકોને દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

## મોરબી વજેપર શેરી-૧૩ માં પત્તા ટીચતા ત્રણ મહિલા સહિત પાંચ જુગારી પકડાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેર પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વજેપર શેરી નં. ૧૩ માં જાહેરમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તિનો જુગાર રમી રહેલ રવીભાઈ વિનુભાઈ પોયલા રહે.કાલીકાલોટ શેરી નં.૨ મોરબી, જયેશભાઈ હમીરભાઈ ખાંભલા ઉવ.૩૩ રહે.મોરબી-લીલાપર રોડ, પુનમબેન રામજીભાઈ બાંભણીયા ઉવ.૨૭ વજેપર શેરી નં. ૧૧ મોરબી, જરીનાબેન સલીમભાઈ હુશેનભાઈ સુમરા ઉવ.૩૫ રહે . કાલીકાપ્લોટ શેરી નં.૫ મોરબી તથા જશુબેન દીલીપભાઈ મગનભાઈ પોયલા ઉવ.૪૫ રહે. ભૂમિ ટાવર પાછળ વાવડી રોડ મોરબી વાળાને કુલ રૂ.૩,૯૦૦ની રોકડ રકમ સાથે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે, આ સાથે પોલીસે પાંચેય આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર ના શહેરીજનો દિવાળીનું પર્વ સુરક્ષિત રીતે ઉજવે તે માટે પોલીસની 'સાવધાન નાગરિક' સુરક્ષિત શહેર' શીર્ષક હેઠળ પોસ્ટર ઝુંબેશ

શહેરની ટ્રાફિક શાખા સહિતની પોલીસ ટીમ દ્વારા દિવાળી ની સલામત રીતે ઉજવણીના ભાગરૂપે લોક જાગૃતિ અર્થે બેનર-પોસ્ટર લગાવાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર ના નાગરિકો સાવધાની પૂર્વક અને સુરક્ષિત રીતે દિવાળીના પર્વની ઉજવણી કરી શકે, તેના માટે જામનગર જિલ્લાનું પોલીસ તંત્ર શતર્ક બન્યું છે. જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈનિ ની આગેવાની હેઠળ પોલીસ વિભાગની જુદી જુદી ટુકડીઓ દ્વારા શહેરમાં સઘન પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે, સાથો સાથ દિવાળીનું પર્વ ખૂબ જ સાવધાની પૂર્વક ઉજવી શકાય, અને ટ્રાફિક જામની સમસ્યા ન રહે, તે સંદર્ભમાં લોકજાગૃતિના બેનર લગાવવાની ઝુંબેશ હાથ કરવામાં આવી હતી.જામનગર ના પોલીસ વિભાગ દ્વારા શહેરના કેટલાક જાહેર સ્થળો પર ઉપરાંત રિક્ષા સહિતના




વાહનો પર જરૂરી સૂચનાઓ દર્શાવતા બેનર પોસ્ટર લગાવવામાં આવ્યા હતા.જામનગરના શહેરીજનો માટે 'સાવધાન નાગરિક, સુરક્ષિત શહેર' શિર્ષક હેઠળના બેનર પોસ્ટરમાં જાહેર કરાયા અનુસાર કોઈપણ વ્યક્તિ કે ટોળકી અથવા તો તેવી કોઈ વસ્તુ નજરે પડે, તો તાત્કાલિક અસરથી ૧૦૦ નંબર અથવા તો ૧૧૨ નંબર ઉપર પોલીસ તંત્રને જાણ કરવા અનુરોધ કરાયો છે.

જાહેર રસ્તા પર ફટાકડા નહીં ફોડવા, તેમજ કોઈ વાહનની પણ નજીક ફટાકડા નહીં ફોડવા સૂચન કરાયું છે. શહેરના માર્ગો પર અથવા તો જાહેર સ્થળે થેલો અથવા તો અન્ય કોઈ શંકાસ્પદ સામાન દેખાય તો તેને નહીં સ્પર્શવા તેમજ પોલીસ વિભાગને તુરતજ જાણ કરી દઈ, પોતાની તેમજ પોતાના આસપાસના વિસ્તાર ની સલામતી રાખવા પણ અનુરોધ કરાયો છે.ફટાકડા ના કારણે કોઈપણ સ્થળે આગ લાગે તેવો બનાવ બને તો, તાત્કાલિક ૧૦૧ નંબર પર ફાયર શાખા ને જાણ કરવા અથવા તો પોલિસ વિભાગની ૧૧૨ નંબરમા ડાયલ કરવા અનુરોધ કરાયો છે. શહેરમાં ટ્રાફિક ની કોઈ સમસ્યા સર્જાયઝ તો તુરત જ જામનગર પોલીસ વિભાગની ટ્રાફિક શાખા (૦૨૮૮- ૨૫૫૦૨૦૦ ઉપર ટેલીફોનીક જાણ કરવા પણ અનુરોધ કરાયો છે. દિવાળીની સલામત રીતે ઉજવણી માટે નાગરિકોનો તમારો એક કોલ અને પોલીસની મદદ એ સૂત્ર સાર્થક કરવા માટે' જામનગર પોલીસ દ્વારા બેનર પોસ્ટર ઝુંબેશ શરૂ કરાઈ છે.

# લગ્નની લાલચ આપી ભગાડી જઈ દુષ્કર્મ આચરવાનાં ગુન્હામાં ધોરાજી સેશન્સ કોર્ટ દ્વારા આરોપીનાં જામીન મંજુર

ભોગ બનનારે પોતાનાં નિવેદનમાં આરોપી સાથે બે વર્ષથી વતાચીત કરતી હોવાની અને પ્રેમ સંબંધ હોવાની હકીકત જાહેર કરેલી

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

દાહોદ જીલ્લાનાં ગરબાડા તાલુકાનાં ગુલબારગામનાં વતની અને હાલ ભાયાવદરમાં રહેતા લીલેશ ઉર્ફે ગોલુ રૂપાભાઈ મંડોડ વિરૂધ્ધ ભાયાવદર પોલીસ સ્ટેશનમાં એવી ફરીયાદ જાહેર થયેલ કે, ''ફરીયાદીની સગીર વયની દિકરીને આરોપી લીલેશ ઉર્ફે ગોલુ રૂપાભાઈ મંડોડ અપહરણ કરી ગયેલ હોય તેવી ફરીયાદ તાઃ૦૬/૧૦/૨૦૨૫ નાં રોજ જાહેર થતાં પોલીસે અપહરણનો ગુન્હો નોંધી આરોપી તથા ભોગ બનનારને પકડેલ અને ભોગ બનનારનાં પોલીસ રૂબરૂનાં નિવેદન બાદ આરોપી વિરૂધ્ધ દુષ્કર્મ તથા પોકસો એકટની કલમોનો ઉમેરો કરાયેલ અને આરોપીને વિરૂધ્ધ ધોરાજી સેશન્સ રજુ કરાયેલ. બાદમાં ધોરાજી સેશન્સ કોર્ટ સમક્ષ એડવોકેટ શ્રી સંજયકુમાર પી. વાઢેર દ્વારા ફરીયાદ તથા તમામ કાગળોનો અભ્યાસ કર્યા બાદ આરોપી લીલેશ ઉર્ફે ગોલુ રૂપાભાઈ મંડોડને જામીન ઉપર મુકત કરવા અરજી રજુ કરાયેલ. જે પોલીસ તપાસનાં કાગળો તથા એડવોકેટ સંજયકુમાર પી. વાઢેર દ્વારા રજુ કરાયેલ મૌખીક દલીલો ધ્યાને લઈ ધોરાજીનાં મહેરબાન એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શ્રી એ.એમ. શેખ દ્વારા તાઃ ૧૫/૧૦/૨૦૨૫ નાં રોજ રૂા. ૨૦,૦૦૦/- નાં જામીન તથા જાત મુચરકા ઉપર મુકત કરાયેલ છે.

આ કામમાં આરોપી લીલેશ ઉર્ફે ગોલુ રૂપાભાઈ મંડોડનાં એડવોકેટ તરીકે ધોરાજીનાં એડવોકેટ સંજયકુમાર પી. વાઢેર (મો-૯૨૨૮૫૮૭૯૯૯) તથા નિરજ મકવાણા રોકાયેલ હતાં.

# લાલપુરના મેઘપર ગામમાંથી વધુ એક ડીગ્રી વગરનો બોગસ તબીબ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મેઘપર ગામમાં એસ.ઓ.જી. શાખાની ટુકડીએ ચેકિંગ હાથ ધરી, વધુ એક બોગસ તબીબને ઝડપી લીધો છે. જે પોતાની પાસે કોઈપણ પ્રકારની ડીગ્રી ધરાવતો ન હોવા છતાં ગરીબ દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરી રહેલો મળી આવ્યો હતો. જેની અટકાયત કરી લેવામાં આવી છે.જામનગરની એસ.ઓ.જી. શાખાની ટુકડી દ્વારા લાલપુર તાલુકાના મેઘપર ગામમાં ગરીબોની વસાહતોની વચ્ચે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમિયાન ઉપરોક્ત સ્થળે ઓરડી ભાડે રાખીને ગેરકાયદે દવાખાનું ચલાવતો મૂળ પશ્ચિમ બંગાળનો વતની મહંતા પશુપતિનાથ બીશ્વાસ નામનો શખ્સ મળી આવ્યો હતો. જેના દવાખાનાની ચકાસણી કરતાં તેની પાસે કોઈપણ પ્રકારની મેડિકલ પ્રેક્ટિસની ડીગ્રી ન હોવા છતાં પોતે ગરીબ દર્દીઓને તપાસીને તેને દવા આપી આરોગ્ય સાથે ચેડાં કરી રહેલો મળી આવ્યો હતો.આથી એસ.ઓ.જી. ની ટુકડીએ તેની અટકાય કરી લઈ પડાણા પોલીસ મથકમાં તેની સામે મેડિકલ પ્રેક્ટીશનર એકટ હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે, અને તેના દવાખાનામાંથી જરૂરી દવાઓ સહિતનો જથ્થો કબજે કરી લેવામાં આવ્યો છે.



# મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વૃક્ષારોપણ અભિયાન



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ગાર્ડન શાખા દ્વારા વિકાસ સપ્તાહ નિમિત્તે શહેરના વિવિધ વિસ્તારોમાં વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાયા હતા. મોહનબાગ ગાર્ડન, શનાળા તળાવ, ભડિયાદ ગામ, લીલાપર ગૌશાળા ફિલ્ટર પ્લાન્ટ અને અમરેલી ગામ સહિત અનેક સ્થળોએ વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

મોરબી મહાનગરપાલિકા સતત શહેરને વધુ હરિયાળું અને સ્વચ્છ બનાવવાના પ્રયત્નોમાં અગ્રેસર રહી છે. આ જ દિશામાં, મહાનગરપાલિકાની ગાર્ડન શાખા દ્વારા ''વિકાસ સપ્તાહ''ના અવસરે શહેરના અનેક વિસ્તારોમાં વૃક્ષારોપણ અભિયાન હાથ ધરાયું છે. આ અભિયાન અંતર્ગત મોહનબાગ ગાર્ડન, શનાળા તળાવ, ભડિયાદ ગામ, લીલાપર ગૌશાળા ફિલ્ટર પ્લાન્ટ તથા અમરેલી ગામ ખાતે વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓ વાવવા-ામાં આવ્યા છે. આ વૃક્ષારોપણ દ્વારા શહેરમાં ગ્રીનરીનું પ્રમાણ વધારવું, શુદ્ધ હવા ઉપલબ્ધ કરાવવી, તેમજ નાગરિકોને સ્વસ્થ અને તાજગીભર્યું વાતાવરણ મળી રહે તેવો મુખ્ય હેતુ છે. ગાર્ડન શાખા દ્વારા જણાવ્યું હતું કે આ વૃક્ષારોપણ કાર્યક્રમ શહેરના સૌંદર્યમાં વધારો કરવાનું સાથે પર્યાવરણની સુરક્ષા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. આગામી સમયમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ વૃક્ષારોપણ કાર્યક્રમો યોજીને ''ગ્રીન મોરબી, ક્લીન મોરબી''ના ધ્યેયને હાંસલ કરવા માટે સતત પ્રયત્નો ચાલુ રહેશે.

# આજથી દિપોત્સવી પર્વનો શુભારંભ



**મુખ્ય સમાચાર, રાજકોટ**


આજથી મહા પર્વ દિપોત્સવનો પ્રારંભ થયો છે. આજે અગિયારસ અને વાઘબારસ બન્ને તિથી સાથે હોવાથી બન્નેની ઉજવણી કરવામાં આવી રહી છે.

દિવાળી અને નૂતન વર્ષ પર્વ ઉજવવા માટે લોકોમાં થનગનાટ વ્યાપી ગયો છે. બજારોમાં ખરીદીનો ધમધમાટ શરૂ થયો છે. અને લોકો જીવન જરૂરી ચીજવસ્તુઓ, કપડા, ઈલેક્ટ્રીક ઉપકરણો સહિતની ખરીદી કરી રહયા છે. દિવાળી-નૂતન વર્ષ પર્વમાં લોકો ધાર્મિક અને ફરવાલાયક સ્થળોએ ઉમટી પડશે અને દિવાળી વેકેશનની રજાઓ માણશે.

ધન તેરસ' થી શુદ્ધ ધન પ્રાપ્ત થાય, કાળી ચૌદશ' થી જીવનમાં કલહ દૂર થાય, દિવાળી' થી દિલમાં માનવતાનો દીપ પ્રગટે, નૂતન વર્ષ' થી જીવન નવ પલ્લવિત થાય, ભાઈબીજ' થી ભાઇ બેનની પ્રીતિ વધે, ત્રીજ' થી ત્રેવડ વધે, ચોથ' થી ચતુરાઈ વધે, લાભપાંચમ' થી પાંચ પરમેશ્વરની પરમ કળપા વર્ષે જેનાથી આખું વર્ષ સુખ શાંતિ સમળદ્ધિ સહકાર અને સુયોગ સભર નીવડે તે માટે પ્રભુ પ્રાર્થના સહ હાર્દિક શુભ કામના પાઠવવામાં આવી રહી છે.

આજે શુક્રવારના દિવસે અગિયારસની સાથે વાઘબારસ પણ છે. એક માન્યતા પ્રમાણે આ દિવસે દેવતા અને દાનવોએ જ્યારે સમુદ્ર મંથન કર્યું ત્યારે કામધેનુ ગાય નીકળી એ દિવસ વાઘબારસનો દિવસ હતો. આથી આ દિવસે ગાયની પૂજાનું મહત્ત્વ વધારે છે. આજે ગાય તથા વાછરડાને શણગાર કરવો, ઘાસ નાખવું, પ્રદક્ષિણા ફરવી. આ દિવસે જો પતિ-પત્ની બન્ને સાથે ભેગા મળી અને વિષ્ણુ-લક્ષ્મીજીનું પૂજન કરે તો દાંપત્ય જીવનમાં મીઠાશ આવે છે. જે લોકોને સંતાન થતા ન હોય તો આ દિવસે પતિ-પત્ની બંનેએ ભેગા મળી ગાયની પૂજા કરવી તથા વિષ્ણુ ભગવાનની લક્ષ્મીજી સાથે પૂજા કરવી. આ વર્ષે રમા એકાદશી તથા વાઘબારસ બંને તહેવાર સાથે હોતા બંને તહેવારની પૂજા ઉપવાસ એકટાણું કર્યાનું ફળ એક સાથે મળશે. જૂની પરંપરા પ્રમાણે આ દિવસે વ્યાપારી લોકો પોતાનું જૂનું દેવું પૂરું કરે છે અને નવા વર્ષની શરૂઆત કરે છે. આમ દેવું પૂરું કરવા માટે આ દિવસ શ્રેષ્ઠ છે.

# રાજકોટમાં દિવાળી કાર્નિવલનો ભવ્ય પ્રારંભ: કાલે આતશબાજી







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં દિવાળી કાર્નિવલનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. રેસકોર્સ રીંગ રોડ પર પાંચ દિવસ માટે નગરજનોને જલસા કરાવવા માટે મહાપાલિકા દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. સાંસદ રામ મોકરિયાના હસ્તે આજે આ દિવાળી કાર્નિવલનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. આજથી જ રેસકોર્સ રીંગ રોડ લાઈટિંગથી ઝળહળી ઉઠ્યું છે. આ કાર્નિવલ દરમિયાન ૫ દિવસ માટે અલગ-અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે ૫૦૦થી વધુ બહેનો આખી રાત રંગોળી કરશે અને સ્પર્ધામાં જોડાશે.

આ તકે સાંસદ રામ મોકરિયાએ રંગીલા રાજકોટિયનોને દિવાળી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ કહ્યું હતું કે, કાર્નિવલ અંતર્ગત ૫ દિવસ રોશની રહેશે. આવતીકાલે રંગોળી સ્પર્ધા અને ૧૮ ઓક્ટોબરનાં રોજ ધનતેરસના દિવસે માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમમાં ૧ કલાકની આતશબાજી થશે, જેમાં ભારતના (સ્વદેશી) ફટાકડાથી આતશબાજી કરવામાં આવશે. આ ઉપરાંત, બહુમાળી ભવન ચોકમાં લેઝર શો અને સાઉન્ડ સિસ્ટમથી સૂરો લહેરાવશે.

આ પ્રસંગે સાંસદ રામ મોકરિયાએ મંત્રીમંડળને લઈને વેધક ઈશારો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડ, દર્શિતાબેન શાહ, અને રમેશ ટિલાળા રાજ્ય સરકારના અદેશથી હાલ ગાંધીનગર છે. પરત આવે ત્યારે લાલ બત્તી વાળી કારમાં જ આવે તેવી આશા છે. તેમ કહીને તેમણે રાજકોટના ધારાસભ્યો મંત્રીમંડળમાં સ્થાન મેળવે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ તકે મોકરિયા સહિત મનપાનાં પદાધિકારીઓએ પણ બગીમાં બેસી રિંગરોડ પરની રોશનીનો નઝારો માણ્યો હતો.

# ઓખા-ભાવનગર અને ભાવનગર-ઓખા એક્સપ્રેસ ટ્રેનોમાં વાતાનુકૂલિત કોચની સુવિધા લંબાવાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલ પ્રશાસન દ્વારા ઓખા-ભાવનગર અને ભાવનગર-ઓખા એક્સપ્રેસ ટ્રેનોમાં કામચલાઉ ધોરણે એક થર્ડ એસી (તૃતીય વાતાનુકૂલિત) કોચની સુવિધા છ મહિના માટે પૂરી પાડવામાં આવી હતી. મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને આ વાતાનુકૂલિત કોચની સુવિધાને નીચે મુજબ લંબાવવામાં આવી છે. વિગતો આ પ્રમાણે છે

(૧) ટ્રેન સંખ્યા ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસઃ આ ટ્રેનમાં એક વધારાનો થર્ડ એસી કોચ, જેને અગાઉ ૦૩ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લગાવવા માટે મંજૂરી આપવામાં આવી હતી, હવે તેની અવધિ વધારીને ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધીની કરવામાં આવી છે.

(૨) ટ્રેન સંખ્યા ૧૯૨૦૯ ભાવનગર-ઓખા એક્સપ્રેસઃ આ ટ્રેનમાં એક વધારાનો થર્ડ એસી કોચ, જેને અગાઉ ૦૨ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લગાવવા માટે મંજૂરી આપવામાં આવી હતી, હવે તેની અવધિ વધારીને ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધીની કરવામાં આવી છે.

આ સુવિધાના વિસ્તરણથી મુસાફરોને વધુ આરામદાયક મુસાફરીનો લાભ મળશે.

ટ્રેનના સ્ટોપેજ, સંરચના અને સમયપત્રક સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઇટ www.enquiry.indianrail.gov.in પર જઈને જોઈ શકે છે.

# માળીયા(મી)ના ભીમસર ચોકડી પાસેથી એક ઈસમ દેશી તમંચા સાથે ઝડપાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) પોલીસ ટીમે ભીમસર ચોકડી નજીકથી એક ઇસમને ગેરકાયદેસર દેશી તમંચા સાથે ઝડપી પાડ્યો હતો. પેટ્રોલીંગ દરમ્યાન ખાનગીરાહે મળેલ બાતમીના આધારે પોલીસે આરોપી પાસે રૂ. ૫,૦૦૦ કીમતનો તમંચો કબજે કરી, આરોપી સામે હથિયાધારા હેઠળ ગુનો નોંધ્યો છે.

માળીયા(મી) પોલીસ મથકના પીઆઈના સીધા માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલીંગ ઉપર હોય તે દરમ્યાન પોલીસને ખાનગીરાહે બાતમી મળી કે માળીયા(મી) ની ભીમસર ચોકડીથી મોરબી તરફના માર્ગ પર એક શખ્સ દેશી તમંચા સાથે ફરતો હોય. જેથી બાતમીના આધારે પોલીસે સ્થળ પર પહોંચી આરોપી નરેશજીને કોર્ડન કરીને પકડી પાડ્યો હતો. તપાસ દરમિયાન તેની પાસે કિ.રૂ. ૫,૦૦૦/-નો દેશી તમંચો (હથિયાર) મળી આવ્યું હતું. આ સાથે પોલીસે આરોપી નરેશજી જીલાજી મુલાડીયા ઉવ.૨૯ રહે. હાલ તુલસી પાર્ક શનાળા બાયપાસ મોરબી તથા બંગાવડી તા. ટંકારા મૂળરહે.ફતેગંજ તા. શંખેશ્વર જી. પાટણવાળાની વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં હથિયારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મોરબી લાતી પ્લોટ વિસ્તારમાં સ્ટ્રોમ વોટર લાઇનનું કામ શરૂ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ભૂગર્ભ શાખા દ્વારા ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યાના નિકાલ માટે લાતી પ્લોટ વિસ્તારમાં સ્ટ્રોમ વોટર લાઇનનું કામ હાથ ધરાયું છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ ઉદ્યોગો અને રહેવાસીઓને પાણી ભરાવાની સમસ્યામાંથી રાહત મળશે.

મોરબી મહાનગરપાલિકા સતત શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને નાગરિક સુવિધાઓ સુધારવા માટે કાર્યરત રહી છે. શહેરના કેટલાક વિસ્તારોમાં ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા ઉદભવે છે, જેને દૂર કરવા માટે ભૂગર્ભ શાખા દ્વારા પગલાં લેવાયા છે. ૧૪મા નાણા પંચ હેઠળ મંજૂર થયેલા વિવિધ કાર્યોમાંથી, હાલમાં લાતી પ્લોટ વિસ્તારમાં સ્ટ્રોમ વોટર લાઇન નાખવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આ કાર્ય પૂર્ણ થયા બાદ વરસાદી પાણી યોગ્ય રીતે નિકળી જશે અને વિસ્તારના માર્ગો તેમજ ઉદ્યોગ વિસ્તાર પાણી ભરાવાથી મુક્ત થશે. આ આયોજનથી લાતી પ્લોટમાં આવેલ નાના-મોટા ઉદ્યોગોના એકમો તથા સ્થાનિક રહેવાસીઓને ચોમાસા દરમિયાન આવતી મુશ્કેલીઓમાંથી રાહત મળશે. આ સાથે જ વિસ્તારના માર્ગો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો થવાથી નાગરિકોને વધુ સુવિધા મળશે.

# મોરબી પોલીસે લૂંટ અને મોટરસાયકલ ચોરી કરનાર રીઢા ગુન્હેગારને પકડી પાડ્યો

### મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ચોરી અને લૂંટના બે ગુનાનો ભેદ ઉકેલી આરોપી પાસેથી કાર, મોટરસાયકલ, રોકડ અને હથિયાર કબજે કર્યા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી છરીની અણીએ રૂપિયાની લૂંટ કરનાર અને નવાડેલા રોડ પરથી મોટરસાયકલ ચોરી કરનાર રીઢા આરોપીને મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ઝડપી લીધો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપી રાજકોટનો રહેવાસી તેની સામે અગાઉ રાજકોટ અને અમદાવાદમાં કુલ ૧૬થી વધુ ચોરી અને લૂંટના ગુના નોંધાયેલા છે. પોલીસે આરોપી પાસેથી બલેનો કાર, હોન્ડા મોટરસાયકલ, છરી, માસ્ક, મોજાં, કાળી ટોપી અને રોકડ સહિતના મુદ્દામાલ કબજે કર્યા છે.

મોરબી શહેર વિસ્તારમાં તાજેતરમાં બનેલા બે ગુનાઓની તપાસ હાથ ધરી હતી. જેમાં તા. ૭/૧૦ના રોજ મોરબી નવાડેલા રોડ પરથી મોટરસાયકલ ચોરીનો બનાવ નોંધાયો હતો. જ્યારે તા. ૮/૧૦ ના રોજ આંગડિયા પેઢીના કર્મચારી સાથે મોટર સાયકલ અથડાવી સારવારના બહાને છરી બતાવી બળજબરીથી રૂ.૮૫,૦૦૦/- ની લૂંટ કરી હતી. ત્યારે આ બંન્ને ગુનાઓની તપાસ દરમ્યાન મોરબી સર્વેલન્સ ટીમે સી.સી.ટી.વી. ફૂટેજ તેમજ આરોપી વિશે મહત્વની માહિતી મેળવી હતી. તે દરમિયાન નેત્રમ સી.સી.ટી.વી. કન્ટ્રોલરૂમ મારફતે જાણ થઈ કે મોરબી શહેરમાં માસ્ક અને મોજાં પહેરેલો શખ્સ મોટરસાયકલ સાથે ફરતો દેખાયો હતો. જેથી સીટી એ ડિવિઝન પોલીસ મથક કોન્સ. પૃથ્વીરાજસિંહ જાડેજા અને રવીભાઈ ચૌધરીએ તાત્કાલિક કાર્યવાહી કરીને મોરબી જુના બસસ્ટેન્ડ નજીક ઘરતી ટાવર વિસ્તારની આંગડિયા પેઢી નજીકથી શંકાસ્પદ ઇસમને પકડી પાડ્યો હતો.

ત્યારે પકડાયેલ આરોપી ઈમરાનભાઈ હાસમભાઈ કાદરી ઉવ.૨૪ રહે. રાજકોટ ૧૫૦ ફૂટ રીંગ રોડ પુનીતનગર શેરી નં. ૪ ભાડાના મકાનમાં વાળાની પુછપરછ કરતાં તેણે પોતે જ આરોપી હોવાની કબૂલાત આપી અને જણાવ્યું કે તે રાજકોટથી ભાડે બલેનો કાર રજી.નં. જીજે-૦૩-પીડી-૮૯૮૩ લઇને મોરબી ચોરી-લૂંટના ઈરાદે આવ્યો હતો. આ સાથે પોલીસે બલેનો કાર શનાળા ગામ પાસે રાજકોટ હાઇવે પરથી કબજે કરી. આગળની તપાસમાં તા. ૭/૧૦ના રોજ ચોરાયેલ હોન્ડા સીડી-૧૨૦ મોટરસાયકલ રજી.નં. જીજે-૩૬-એએ-૧૬૧૫ પણ કબજે કર્યું છે. હાલ તપાસ દરમ્યાન પોલીસે આરોપી પાસેથી કાર, મોટર સાયકલ, એક ધારદાર છરી, કાળુ માસ્ક, મોજાં, કાળી ટોપી તથા રોકડ રૂ. ૫,૧૦૦/- સહિતનો મુદ્દામાલ કબ્જે લીધો છે. વધુમાં આરોપી વિરુદ્ધ મોરબી સીટી એ ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ બે ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. આ સિવાય આરોપી વિરુદ્ધ રાજકોટ અને અમદાવાદ શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ચોરી, લૂંટ, હુમલો અને હથિયાર કાયદા હેઠળ કુલ ૧૬થી વધુ ગુના નોંધાયેલા છે.

# મોરબીના જલારામ એપાર્ટમેન્ટના રહેણાંકમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો, બુટલેગર ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં સેન્ટ મેરી સ્કૂલ પાછળ આવેલ જલારામ એપાર્ટમેન્ટમાં રહેતા નામચીન બુટલેગરના ઘરમાંથી મોરબી સિટી બી ડિવિઝન પોલીસે ઈંગ્લીશ દારૂની ૦૭ બોટલ ઝડપી લીધી હતી. દરોડા દરમ્યાન આરોપી સ્થળ ઉપર હાજર મળી ન આવતા તેને પોલીસે ફરાર દર્શાવી તેને પકડી લરવા તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ મોરબી સિટી બી ડિવિઝન પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમી મળી કે સેન્ટ મેરી સ્કૂલ પાછળ આવેલા જલારામ એપાર્ટમેન્ટમાં રહેતા સાગરભાઈ કાંતિલાલ પલાણ પોતાના રહેણાંક મકાનમાં વેચાણના હેતુથી વિદેશી દારૂનો જથ્થો રાખેલો છે. જેથી પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી દરોડો પાડ્યો હતો. તપાસ દરમ્યાન આરોપીના મકાનમાંથી ઈંગ્લીશ દારૂની કુલ ૦૭ બોટલ કિ.રૂ.૪,૭૦૦/- મળી આવી હતી. જ્યારે આરોપી સાગર પલાણ દરોડા દરમિયાન હાજર મળી ન આવતા પોલીસે મુદામાલ કબજે કરી આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી જીલ્લા પોલીસનું શહેરમાં દિવાળી પૂર્વે કોમ્બીંગ અને ફુટ પેટ્રોલીંગ

### કાયદો-વ્યવસ્થા જળવાય રહે અને તહેવાર શાંતિથી ઉજવાય તે હેતુથી મોરબી પોલીસના તકેદારી ભર્યા પગલા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી દિવાળી તહેવારને ધ્યાનમાં રાખીને મોરબી શહેર પોલીસ દ્વારા વિવિધ સ્થળોએ કોમ્બીંગ ડ્રાઇવ અને ફુટ પેટ્રોલીંગ હાથ ધરાયું હતું. શહેરના ૧૦થી વધુ પોઈન્ટ્સ ઉપર વાહન ચેકીંગ કરીને ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર, દારૂ પી વાહન ચલાવનાર તેમજ શંકાસ્પદ ઇસમો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ અભિયાનમાં કુલ રૂ.૫૮,૭૦૦ નો દંડ વસુલાયો અને અનેક વાહનો ડીટેઇન કરવામાં આવ્યા હતા.

દિવાળી તહેવાર નજીક આવતાં મોરબી જીલ્લા પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ ટ્રાફિક નિયમોનુ પાલન થાય તે હેતુસર ૧૬ ઑક્ટોબરે શહેરમાં વિશાળ કોમ્બીંગ અને ફુટ પેટ્રોલીંગ ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક મોરબી વિભાગ તથા એલ.સી.બી., એસ.ઓ.જી., પેરોલ ફર્લો શાખા, ટ્રાફિક શાખા અને શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોના અધિકારીઓ અને સ્ટાફ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી. જેમાં, કુલ ૭૫ પુરુષ અને મહિલા પોલીસકર્મીઓની ટીમો બનાવી શહેરના મુખ્ય પોઇન્ટો જેમ કે, ભક્તિનગર સર્કલ, રાજપર ચોકડી, દલવાડી સર્કલ, પંચાસર ચોકડી, વાવડી ચોકડી, વીશીફાટક, મહારાણા પ્રતાપ સર્કલ, મહેન્દ્રનગર ચોકડી અને ત્રાજપર ચોકડી વગેરે સ્થળોએ ચેકીંગ હાથ ધરાયું.

કોમ્બીંગ દરમ્યાન કાળા કાચવાળી કાર, ફેન્સી નંબર પ્લેટ, શીટબેલ્ટ વિના વાહન ચાલકો, તથા દારૂ પી વાહન ચલાવનાર ઇસમો પર કાર્યવાહી કરવામાં આવી. ઉપરાંત, શહેરમાં શંકાસ્પદ ઇસમોની પ્રવૃતિ ઉપર ખાસ વોચ રાખવામાં આવી છે, ત્યારે કાળા કાચવાળી ગાડીઓના કેસ ૧૯, ફેન્સી નંબર પ્લેટવાળા વાહનોના કેસ ૧૦, વાહન ડીટેઇન ૧૨, નંબર પ્લેટ વગર/તુટેલી/ફેન્સી પ્લેટ ૩૫, દારૂ પી વાહન ચલાવવાના કેસ ૦૩, ટ્રાફિક ભંગ બદલ વસુલાયેલ દંડ રૂ. ૫૮,૭૦૦/- (૧૧૭ કેસ), પ્રોહિબીશનના કેસ ૦૭, જી.પી. એક્ટ કલમ ૧૩૫ના કેસ ૦૨, ગેરકાયદે હથિયારનો કેસ ૦૧ તથા બી.એન.એસ. કલમ ૨૮૫ના કેસ ૦૭. આ રીતે મોરબી શહેર પોલીસ દ્વારા હાથ ધરાયેલ આ કોમ્બીંગ અને ફુટ પેટ્રોલીંગ ડ્રાઇવ દરમ્યાન શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા વધુ સુદ્રઢ અને શાંતિપૂર્ણ રાખવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

# મોરબીમાં ઓરપેટ કન્યા વિદ્યાલય ખાતે રંગોળી સ્પર્ધાનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી દિવાળી પર્વની ઉજવણીને અનુસંધાને મોરબીના ઓરપેટ કન્યા વિદ્યાલય ખાતે પાટીદાર વુમેન એમ્પાવરમેન્ટ ગ્રુપ દ્વારા ધોરણ ૬ થી ૧૨ની વિદ્યાર્થિનીઓ માટે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૧૮૦ દીકરીઓએ ભાગ લીધો હતો. તમામ ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહક પ્રમાણપત્ર અને વિજેતાઓને ઇનામો અર્પણ કરવામાં આવ્યા હતા.

મોરબી શહેરમાં દીકરીઓની પ્રતિભાને પ્રોત્સાહન આપવા અને દિવાળીના પર્વને સર્જનાત્મક રીતે ઉજવવા માટે પાટીદાર વુમેન એમ્પાવરમેન્ટ ગ્રુપ દ્વારા તારીખ ૧૪ અને ૧૫ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ ઓરપેટ કન્યા વિદ્યાલય ખાતે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધોરણ ૬ થી ૧૨ સુધીની કુલ ૧૮૦ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થિનીઓએ વિવિધ રંગો અને થીમ દ્વારા દિવાળીના પર્વનું સૌંદર્ય કાગળ પર નહીં, પરંતુ ધરતી પર રંગોળી દ્વારા ઝલકાવ્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ દીકરીઓને પ્રોત્સાહક પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા, જ્યારે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગોમાં પ્રથમ ત્રણ ક્રમે આવેલ વિદ્યાર્થિનીઓને પાટીદાર વુમેન એમ્પાવરમેન્ટ ગ્રુપ દ્વારા પ્રોત્સાહક ઇનામો આપવામાં આવ્યા હતા.

આ સ્પર્ધા પાટીદાર વુમેન એમ્પાવરમેન્ટ ગ્રુપના સાધનાબેન ઘોડાસરા અને કાજલબેન દ્વારા યોજાયેલ અને ઓરપેટ કન્યા વિદ્યાલયના આચાર્ય અસ્મિતાબેન ગામી તથા શાળાના સ્ટાફ પરિવારના સહયોગથી રંગોળી સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.




# જામનગરના હાપા રેલ્વે સ્ટેશન પર ટ્રેનમાં દારૂની હેરાફેરી કરતી મહિલા ઝડપાઇ




**મુખ્ય સમાચાર, જામનગર**

દિવાળીના તહેવારો જેમજેમ નજીક આવી રહ્યા છે ત્યારે બુટલેગરો પણ કમાઇ લેવાની લ્હાયમાં સક્રિય બન્યા છે. ત્યારે જામનગરના હાપા રેલ્વે સ્ટેશન પર ટ્રેનમાં દારૂની હેરાફેરી કરતી મહિલાને પોલીસે દબોચી લઇ રૂ.૧૩૭૦૦ની કિંમતની ૬૦ બોટલ કબ્જે કરી છે.

આ અંગેની માહિતી મુજબ જામનગર રેલ્વે પોલીસના પીઆઇ બી.પી.વેગડાની સૂચનાથી હેડ કોનસ. દેવાયતભાઇ, કોન્સ. હરદાસભાઇ, ભરતભાઇ, મહિલા કોન્સ. હિનાબેન સહિતનો સ્ટાફ હાપા રેલ્વે સ્ટેશન પર આવતી જતી ટ્રેનોમાં દારૂની હેરાફેરી કરતા બુટલેગરો અંગે વોચ ગોઠવી હતી તે દરમ્યાન હાપા રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નંબર ૨ પર મુઝફરપુર-પોરબંદર ટ્રેન નં.૧૯૨૭૦ આવી હતી. ત્યારે એક સ્ત્રી ટ્રેનમાંથી શંકાસ્પદ હાલતમાં નિચે ઉતરતા મહિલા પોલીસ સહિતનો કાફલાએ તેને અટકાવી નામઠામ પુછતા પોતે જેનમ ઇસ્માઇલ સીદી (ઉ.વ.૬૫) (રહે. ગરીબનગર, પાણા ખાણ) હોવાનું જણાવ્યું હતું. તેની પાસે રહેલ સામાન ચેક કરતા તેમાંથી ૬૦ બોટલ વિદેશી દારૂની કિંમત રૂ.૧૩૭૦૦નો મુદ્દામાલ મળી આવતા પોલીસે મહિલા બુટલેગરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરના ગોકુલનગર-સોમનાથ સોસાયટીમાંથી ગાંજાના જથ્થા સાથે એક ઈસમને પકડી પાડતી એસ.ઓ.જી.

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં નશીલા પદાર્થના વેપાર ઉપર રોક લગાવવા માટે સૂચના કરવામાં આવેલ હોય જે અનુસંધાને જામનગર જીલ્લાના પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીએ જામનગર જીલ્લામાં યુવાધન નશાના કારોબારના કારણે બરબાદ થતુ હોય, શહેરમા પ્રવેશતા નશાકારક પદાર્થ તથા જામનગર જીલ્લામાં ચાલતી અસામાજીક પ્રવૃતિ કરતા ઈસમો વિરૂધ્ધ અસરકારક કામગીરી કરવા તથા જામનગર જીલ્લામાં નશીલા પદાર્થના વેપાર ઉપર રોક લગાવવા અને નશાખોરી રોકવા માટે ‘‘ ‘‘ અભિયાન શરૂ કરવા સૂચના કરેલ.



હાલમાં નશાકારક પદાર્થ પકડી પાડવા માટે એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા ઝુંબેશ હાથ ધરવામા આવેલ હોય, લોકો નશો કરવા માટે નવા નવા નુસખાઓ અપનાવતા હોય ગુનેગાર પણ નશો કરનારની માંગ મુજબ ઝેરી વસ્તુઓ પણ વેચવા માંગતા હોય જે અંગે એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેકટર બી.એન.ચૌધરી તથા પોલીસ સબ ઈન્સપેક્ટર એસ.પી.ગોહિલ સાહેબ ના માર્ગદર્શન મુજબ એસ.ઓ.જી. સ્ટાફના માણસો જામનગર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમા રહેલ હતા,દરમ્યાન એસ.ઓ.જી.સ્ટાફના બળભદ્રસિંહ જાડેજા તથા વિરેન્દ્રસિંહ જાડેજા તથા મથુરરાજસિંહ જાડેજાને બાતમી મળેલ કે, વિપુલ ભીખુભાઈ ગોંડલીયા રહેવાસી ગોકુલનગર, સોમનાથ સોસાયટી,જામનગર વાળો તેના ઘરની બાજુમાં આવેલ બી.એસ.એન.એલ.ના મોબાઈલના ટાવર પાસે રાત્રીના સમયે ગાંજાનુ છુટક વેચાણ કરે છે જેથી સદર જગ્યાએ જઈ રેઈડ કરતા ત્યાથી મજકુર ઈસમને ગે.કા. માદક પદાર્થ ગાંજો ૧ કિલો ૯૦૦ ગ્રામ કી.રૂા. ૧૯,૦૦૦.તથા એક મોબાઈલ ફોન મળી કુલ કી.રૂા.૨૪,૦૦૦.સાથે પકડેલ છે અને મજકુર ઈસમ વિરૂધ્ધ સીટી સી ડીવી. પો.સ્ટે. બી-પાર્ટ ગુ.ર.ન.11202002251914/2025 N.D.P.S. એક્ટની કલમ ૮(સી), ૨૦(બી)(૨)(બી), ૨૯ મુજબ ગુનો દાખલ કરાવી આગળની તપાસ શરૂ કરવામાં આવેલ છે.આરોપીનુ વિપુલ ભીખુભાઈ ગોંડલીયા રહેવાસી ગોકુલનગર, સોમનાથ સોસાયટી, બી.એસ.એન.એલ.મોબાઈલના ટાવરની બાજુમા,જામનગર આ કાર્યવાહી એસ.ઓ.જી.પોલીસ ઈન્સપેકટર બી.એન.ચૌધરી તથા પોલીસ સબ. ઈન્સ્પેકટર. એસ.પી.ગોહિલ તથા એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સંતકબીર રોડ પર દ્વારકેશ ટેલીવીઝન સામે રીક્ષા માંથી ૮૧૬ દારૂના ચપલા સાથે શખ્સની ધરપકડ

## ગંગોત્રી પાર્કમાં કાર અને રીક્ષામાં ૧૭૪ બોટલ સાથે બુટલેગર ઝડપાયોઃ મયુરનગરમાં ૨૮૮ ચપલા સાથે શખ્સ ઝબ્બે








**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં દિવાળીના તહેવારો જેમજેમ નજીક આવી રહ્યા છે ત્યારે પ્યાસીઓની પ્યાસ બુજાવવા બુટલેગરો પણ દારૂનો જથ્થો મંગાવવાનું શરૂ કરતા પોલીસે લાલઆંખ કરી છે. શહેરમાં અલગ-અલગ ત્રણ સ્થળોએ પોલીસે દરોડા પાડી લાખોના વિદેશી દારૂ સાથે ત્રણ બુટલેગરોની ધરપકડ કરી મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પ્રથમ બનાવમાં થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વિદેશી દારૂનો વેપલો પુરજોશમાં ચાલતો હોવાની હકિકતના આધારે પીએસઆઇ એન.આર.ડોબરીયા, એએસઆઇ ડી.કે.ખાંભલા, હેડ કોન્સ. એચ.ડી.પરમાર સહિતના સ્ટાફે બાતમીના આધારે સંતકબીર રોડ પરથી ગોકુલનગર આવાસ જતા રસ્તે દ્વારકેશ ટેલીવીઝન નામની દુકાન સામેથી રીક્ષા લઇ નીકળેલ જીતુ ઉર્ફે હિતો નાથા ચંદ્રપાલ (રહે. આંબેડકરનગર શેરી નં.૬, કાલાવડ રોડ, ભાડાના મકાનમાં) નામના શખ્સને અટકાવી તલાસી લેતા વિદેશી દારૂના ૮૧૬ ચપલા મળી આવતા પોલીસે રીક્ષા સહિત રૂ.૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલાની સુચનાથી એએસઆઇ રાજેશભાઇ, હેડ કોન્સ. રાહુલભાઇ, શક્તિસિંહ, હેમેન્દ્રભાઇ સહિતનો વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ગંગોતરી પાર્ક શેરી નં.૧માં મારૂતી ફંટી અને અતુલ શક્તિ રીક્ષા-ામાં ૧૭૪ બોટલ કિંમત રૂ.૬૮૯૪૦ સાથે બુટલેગર કેતન જગદીશ સિંઘવની ધરપકડ કરી દારૂની સપ્લાય કરનાર દીપુ સુંદરદાસ લાખાણી નામના શખ્સની શોધખોળ આદરી કુલ રૂ.૨.૨૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ત્રીજા બનાવમાં થોરાળા પોલીસે મયુરનગર પાસે શ્રમજીવી સોસાયટીમાં રાવણ ચોક પાસે રહેતો કિશન મનસુખ સીતાપરા નામના શખ્સના રહેણાંક મકાનમાં દરોડો પાડી પોલીસે ૨૮૮ ચપલા સાથે કિશન સીતાપરાની ધરપકડ કરી રૂ.૪૮૯૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# રાજકોટના દંપતિને શીશામાં ઉતારી ૩૦ લાખ ખંખેરનાર દિલ્હીનો શખ્સ ઝડપાયો

## આર્થિક ગૂના નિવારણ શાખાની ટીમે ટેસ્લા કંપનીના મેનેજરની ધરપકડ કરી ગૂનાનો ભેદ ઉકેલ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટેસ્લાના કંપની નામે રાજકોટની કંપની સાથે થયેલી રૂ. ૩૦ લાખની છેતરપિંડી મામલે આર્થિક ગુના નિવારણ શાખાની ટીમે સુત્રધાર દિલ્હીના કંપનીના મેનેજરની ધરપકડ કરી આ કેસમાં સંડોવાયેલ મહિલા સહીત ઠગ ટોળકીના અન્ય સભ્યોની શોધખોળ શરુ કરી છે. મળતી વિગતો મુબજ રૈયા રોડ પર આલાપ ગ્રીન સિટી પાસે શાંતિનિકેતન રેસિડેન્સીમાં રહેતા અને ૧૫૦ ફૂટ રિંગરોડ પર ઈમ્પિરિયલ હાઈટસની સામે આવેલી મીડલેન્ડ કોંક્રિટ પ્રા.લિ.માં માર્કેટિંગ અને સેલ્સ હેડ તરીકે કાર્યરત રાજેશભાઈ નનકુભાઈ હુદરે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે જૂલાઈ-૨૦૨૪માં તેનો સંપર્ક ટેસ્લા પાવર ઈન્ડિયા પ્રા.લિ.કંપનીના બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર સિદ્ધાર્થ કૌશિક સાથે સંપર્ક થયા બાદ ઓગસ્ટમાં તેઓ વડોદરા ખાતે એક્ઝિબિશનમાં ગયા હતા. અહીં ટેસ્લા પાવર ઈન્ડિયા પ્રા.લિ. પણ ભાગ લેવાની છે તેવી વાત થઈ હતી. વડોદરામાં આયોજિત એક્ઝિબિશનમાં સિદ્ધાર્થે કંપની બાબતે માહિતી આપી હતી અને તેની ઓફિસ હરિયાણા ખાતે આવેલી હોવાનું જણાવ્યું હતું. ટેસ્લા કંપની બેટરી, સોલાર પેનલ, વોટર પ્યુરિફાયર તેમજ બેટરી ચાર્જિંગ મશીન અને ઈલેક્ટ્રિક બાઈક સહિતનું કામ કરતી હોય તેની ગુજરાતમાં માસ્ટર ડિસ્ટ્રીબ્યુટરશીપ આપવાની વાતચીત થઈ હતી. આ પછી મીડલેન્ડ કંપનીના માલિક કૃણાલ વાછાણી અને રાજેશભાઈ બન્ને ગુરુગ્રામ ગયા હતા જ્યાં પૂજા શર્મા, સિદ્ધાર્થ કૌશિક અને કંપનીના એમડી કવિન્દર ખુરાના સાથે બેઠક કરી હતી. બેઠક સફળ રહેતા તેમાં રોકાણ કરવાનું નક્કી કરી બે કટકે ૩૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા ત્યારબાદ ૨૯-૧૦-૨૦૨૪ના ટેસ્લા કંપની દ્વારા મીડલેન્ડ ટ્રેડલિંક કંપનીના નામનું ૧૦.૩૯ લાખની રકમ લખેલું ખોટું ઈનવોસ શ્રીજી કાર કેર-અમદાવાદના નામનું તૈયાર કરી રાજેશભાઈને મોકલ્યું હતું. જો કે ઈનવોઈસ બનાવવાનો અધિકાર મીડલેન્ડ ટ્રેડલિન્ક કંપનીને હોય શંકા જતા અમદાવાદ જઈને તપાસ કરતા શ્રીજી કાર કેર સાથે પણ આ ગઠિયાઓએ છેતરપિંડી કર્યાનું ખુલતા રકમ પરત માંગી હતી પરંતુ હજુ સુધી પૈસા ન મળતા ફરિયાદ નોંધાવી હતી. એકંદરે આ પ્રકારની કોઈ કંપની જ અસ્તિત્વમાં ન હોવાનું પણ સામે આવતા પોલીસે હરિયાણાના વતની અને દિલ્હી રહેતા કંપનીના મેનેજર કવિન્દર ખુરાના, પૂજા શર્મા અને સિદ્ધાર્થ કૌશિક સામે ગુનો દાખલ કર્યો હતો. દિલ્હીની આ ઠગ ટોળકીએ રાજકોટ સહિત અન્ય કેટલાક લોકોને શિકાર બનાવ્યા હોય જે અંગેની તપાસનું પગેરું દિલ્હી સુધી નિકળ્યું હતું.

# પુષ્કરધામ મેઈન રોડ પર આવાસના કોવોર્ટરમાં સફાઇ કામદારને મારમારી શખ્સે હડધુત કર્યો

## સતનામ સોસાયટીમાં જુગાર રમતી ચાર મહિલા સહિત છ પત્તાપ્રેમીઓની ધરપકડ


**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેવલમ સોસાયટીમાં પુષ્કરધામ મેઇન રોડ પર આવાસના કવોર્ટરમાં ગટરમાં પાણી કાઢવા બાબતે પાડોશી શખ્સે સફાઇ કામદારને મારમારી હડધુત કરતા ગાંધીગ્રામ-૨ યુની પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની માહિતી મુજબ પુષ્કરધામ મેઇન રોડ પર આરએમસીના આવાસના કવોર્ટરમાં રહેતો મેહુલ ભુપેન્દ્ર ચાવડા નામના સફાઇ કર્મચારીએ પાડોસમાં રહેતા નરેન્દ્ર ઉર્ફે લાલો સોની વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, ગઇકાલે સાંજના ઘરે હતો ત્યારે તેની બહેન ગટરના પાણી કાઢવા બાબતે બોલાચાલી કરતી હોય ત્યારે પાડોશી નરેન્દ્ર ઉર્ફે લાલાએ ઝડઘો કરી પાવડા વડે મારમારી વાસામાં અને પગમાં ઇજા કરી જ્ઞાતી પ્રત્યે અપમાનીત કર્યાની ફરીયાદ નોંધાવતા ગાંધીગ્રામ-૨ યુની. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જયારે તાલુકા પોલીસના પીએસઆઇ બી.આર.ભરવાડ, કોન્સ. નિકુંજભાઇ અને મહિલા પોલીસ કર્મી સહિતના સ્ટાફે પુનિતનગર પાસે સતનામ સોસાયટી મેઇન રોડ પર જાહેરમાં જુગાર રમતી હંસા ડાયા ડાવેરા (રહે. નવલનગર મવડી પ્લોટ), ઉસા વિક્રમ વિરડા (રહે.વેલનાથ સોસાયટી, ખોખડદર નદીના પુલ પાસે), ભાવના નીલેશ ગોહિલ (રહે.ઉમીયા ચોક, કાવ્યા પેલેસ, રાધે હોટલ પાસે), અંબા દિનેશ અધેડા (રહે. વિનાયક સોસાયટી, ગુરૂપ્રસાદ ચોક) અને અલ્પેશ ઉર્ફે બાબો રમણીકલાલ ગોધેચા (રહે. વિશ્વેસ્વર મંદિર પાછળ, મારૂતી નંદન નગર) સહિત પાંચ શખ્સોની દબોચી લઇ જુગારના પટમાંથી રોકડા રૂ.૧૦૬૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# કોઠારીયા ગામે પરણીતાને આપધાતની ફરજ પાડનાર પતિ અને સાસુ સામે ફરીયાદ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર જીવનનગર પાસે વામ્બે આવાસના કવાર્ટરમાં રહેતા ગંગાબેન વિનોદભાઇ ધુડા (ઉ.વ.૪૮) નામની અનુ. જાતિ મહિલાએ આજીડેમ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, અગાઉ કોઠારીયા ગામે શિવભવાની ચોક પાસે આવેલ સિલ્વર સ્પેસ નામના એપાર્ટમેન્ટમાં સાતમાં માળે ફલેટમાં રહેતી તેની દિકરીને તેનો પતિ હર્ષ મનુ ભારડીયા અને તેની સાસુ ચંપા મનુ ભારડીયા શારીરીક-માનસીક દુઃખ ત્રાસ આપી મારકુટ કરી અહ્યત્રાસ ગુજારતા તેની દિકરીને ઝેરી દવા પી મરવા મજબુર કર્યાની ફરીયાદ નોંધાવતા આજી ડેમ પોલીસના પીએસઆઇ એ.આર.રાઠોડએ ગુન્હો નોંધી પતિ અને સાસુની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# મેટોડા જીઆઇડીસીમાં ઓમનીટેક ઓટોમોબાઇલ કારખાનામાં ચોરી કરનાર ત્રણ ઝડપાયા

## વિછિયાના મોટામાત્રા ગામે સ્વીફ્ટ કારમાં ૧૫૬ બોટલ સાથે બુટલેગર ઝબ્બે






**મુખ્ય સમાચાર, રાજકોટ**

મેટોડા જીઆઇડીસીમાં આવેલા ઓમનીટેક ઓટોમોબાઇલ કારખાનામાંથી રો મટીરીયલની ચોરી કરનાર પૂર્વ કર્મચારી સહિત ત્રણ શખ્સોને પોલીસે દબોચી લઇ રૂ.૨.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગઇ તા.૧૧-૧૦ના રાત્રીના સમયે મેટોડા જીઆઇડીસીમાં આવેલ ઓમનીટેક એનર્જીનીયરીંગ લીમીટેડ કંપનીમાં અગાઉ કામ કરતો સાગર ગોપાલ રામાવત અને એની સાથેના અજાણ્યા બે શખ્સો કંપનીના ગેઇટમાંથી પ્રવેસ કરી ઇલેટ્રીક ક્રેન દ્વારા કંપનીના રો મટીરીયલ વિભાગમાં રાખેલ પીતળનું રો મટીરીયલ ૪૮૬ કિલો કિંમત રૂ.૨.૯૧ લાખનો માલસમાન બોલેરો પીકઅપ નંબર જીજે૩બીવાય૭૧૨માં ભરી ચોરી કરી નાસી ગયાની ફરીયાદ મેટોડા જીઆઇડીસી પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ પીઆઇ એસ.એચ.શર્માની સુચનાથી એએસઆઇ મયુરસિંહ, હેડ કોન્સ. યોગીરાજસિંહ, કોન્સ. રાજદિપસિંહ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી કંપનીનો પૂર્વ કર્મચારી સાગર ગોપાલ રામાવત (રહે.અંજલીપાર્ક, વિરાટ એપાર્ટમેન્ટ, મેટોડા), ભીમા રામા સાનીયા (રહે. અંધેરી વિસ્તાર, મચ્છોનગર, મેટોડા), અશ્વીન સુરેશ સાપોલીસયા (ચંદ્ર પાર્ક સોસયટી, મેટોડા) સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી રૂ.૨.૯૧ લાખનો ૪૮૬ કિલો પીતળનું રો મટીરીયલ કબ્જે કરી ચોરીનો મુદ્દામાલ રાખનાર ભંગારના ડેલાવાળો ભરત નાનજી મકવાણા (રહે. કણકોટ પાટીયા, હાઉસીંગ કવોર્ટર), વીકલ ઇસરાઇલ મનીહાર (રહે. વાવડી મેઇન રોડ) નામના બે ભંગારના ડેલાવાળાઓની શોધખોળ આદરી છે.

વિંછિયાના મોટામાત્રા ગામે પીઆઇ એ.સી.ડામોર, એએસઆઇ જયંતીભાઇ, કોન્સ. અમિતભાઇ સહિતના સ્ટાફે મોટામાત્રા ગામે પેટ્રોલીંગમાં હતા ત્યારે સ્વીફ કાર નંબર જીજે૧કેઝેડ૭૧૯૮માં એક શખ્સ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેને અટકાવી તલાસી લેતા ૧૫૬ બોટલ કિંમત રૂ.૨ લાખનો વિદેશી દારૂ મળી આવતા પોલીસે કારના ચાલક પરબત મથુર વાટકીયાની ધરપકડ કરી કાર સહિત રૂ.૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

# શહેર પોલીસે ૧.૬૫ કરોડના પકડેલા વિદેશી દારૂ-બિયરનો નાકરાવાડી પાસે નાશ કરાયો



રાજકોટ શહેર પોલીસે ઝડપેલા ૧.૬૫ કરોડના દારૂ-બિયરનો આજે સમીતીના અધ્યક્ષ અને સભ્યોની હાજરીમાં નાકરાવાડી પાસે નાશ કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારના ગૃહ વિભાગના ઠરાવ અન્વયે રાજકોટ શહેર વિસ્તારમાં ગેરકાયદેસર રીતે આયાત થયેલ અને પકડાયેલા ૨૪/૨૫ના વર્ષમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ જે કોર્ટથી આવા મુદ્દામાલ નાશ/નિકાસ સંબંધી હુકમ કરેલ હોય. જેથી શહેરી વિસ્તાર માટેની સમીતીની રચના કરવામાં આવી હતી અને સમીતીની રૂબરૂમાં સમીતીના અધ્યક્ષ, સભ્યો, સભ્ય સચીવ અને પોલીસના ઉચ્ચ અધિકારીની હાજરીમાં સાત હનુમાનથી આગળ સોખરા અને નાકરાવાડી ગામ વચ્ચે સરકારી ખરાબાની જગ્યા પર શહેર પોલીસે પકડેલો ૧૬૭ કેસનો મુદ્દામાલ દારૂ-બિયરનો જથ્થો કિંમત રૂ.૧.૬૫ કરોડનો જમીન પર પાથરી દઇ તેના પર બુલડોઝર ફેરવી દઇ નાશ કરવામાં આવ્યો હતો.

# કવિ નરસિંહ મહેતા ટાઉનશીપમાં માનસિક બિમાર પત્નીને ગળે ટૂંપો આપી પતિએ કરી હત્યા

## સાહેબ, મેં મારી પત્નીને પતાવી દીધી છેઃ સરેન્ડર થયેલા હત્યારાએ કબૂલાત આપતા પોલીસ ચોંકી ગઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ પર ડી માર્ટની પાછળ આવેલા કવિ નરસિંહ મહેતા ટાઉનશીપમા ડી વીં ગ છઠ્ઠા માળે ૬૦૪ નંબરનાં ફલેટમા રહેતા મંજુલાબેન જયેન્દ્રભાઈ ધકાણ (સોની) (ઉ.વ. ૬૫ ) નામનાં વૃધ્ધા સવારે પોતાનાં ઘરે હતા ત્યારે તેમનાં પતિ જયેન્દ્રભાઈ ધકાણે ઝઘડો કરી મંજુલાબેનને ગળેટુપો આપી હત્યા કરી હતી. આ ઘટના બાદ આરોપી પતિ જયેન્દ્રભાઈ ધકાણ બી ડીવીઝન પોલીસ મથકે પહોંચ્યા હતા અને ત્યા હાજર પોલીસ સ્ટાફને જણાવ્યુ કે સાહેબ મે મારી પત્નીની ગળેટુપો આપી હત્યા કરી છે . સૌ પ્રથમ જયેન્દ્રભાઈની વાત સાંભળી પોલીસ પણ આશ્ચર્યમા પડી ગઈ હતી અને પોલીસ સ્ટાફે તુરંત જયેન્દ્રભાઈને સાથે રાખી તેમનાં ઘરે નરસિંહ મહેતા ટાઉનશીપમા પહોચી ફલેટમા તપાસ કરતા મંજુલાબેન ધકાણ નાકમાથી લોહી નીકળતી હાલતમાં મૃત હાલતમાં પડયા હતા.

આ ઘટના બાદ બી ડીવીઝન પોલીસ મથકનાં પીઆઈ એસ. એસ. રાણે અને રાઈટર સંદીપભાઈ અવાડીયા સહીતનો સ્ટાફ તુરંત બનાવ સ્થળે પહોંચી ગયો હતો અને આરોપી જયેન્દ્રભાઈને સાથે રાખી જરૂરી કાગળો કર્યા હતા. ત્યારબાદ એમ્બ્યુલન્સ મારફતે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવીલ હોસ્પીટલે ખસેડવામા આવ્યો હતો. પોલીસ તપાસ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે મૃતક મંજુલાબેન છેલ્લા એકાદ વર્ષથી માનસીક બીમાર હતા. અને પાડોસીઓ સાથે અવાર નવાર માથાકુટ કરતા હતા જેથી પાડોશીઓ અવાર નવાર પોલીસને બોલાવતા હતા પરંતુ ત્યારે મંજુલાબેન માનસીક રીતે બીમાર હોય જેથી પાડોશીઓ ફરિયાદ કરવાનુ ટાળતા હતા. મૃતકનાં પતિ જયેન્દ્રભાઈ રીક્ષા ચલાવી પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેમજ તેઓને કોઈ સંતાન નથી. મંજુલાબેનની તબીયત બરાબર ન હોય જેથી પાડોશમા રહેતા મહીલા મંજુલાબેનનાં જમવાનુ આપી જતા હતા. તેમજ પતિ જયેન્દ્રભાઈ પણ ટાઉનશીપમા આવેલા મંદિર પાસે બેસી રહેતા હતા. આ ઘટના અંગે બી ડીવીઝન પોલીસનાં સ્ટાફ દ્વારા મૃતકનાં સબંધીની ફરીયાદ પરથી તેમનાં પતિ જયેન્દ્રભાઈ ધકાણ વિરુધ્ધ હત્યાનો ગુનો નોંધવા તજવીજ શરુ કરી છે.

# ભક્તિનગર પોલીસમાં ૩૪ કિલો ગાંજા સાથે અગાઉ ઝડપાયેલ શખ્સ પાસામાં ધકેલાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિવાળી પૂર્વે રાજકોટ શહેરમાં NDPS ના કવોલેટી કેસમાં ઝડપાયેલા માદક પદાર્થના ધંધાર્થીઓ વિરૂધ્ધ પોલીસે પાસાનું શસ્ત્ર ઉગામી નશાની બદીને ડામી દેવા પ્રયાસ શરૂ કરાયા છે ત્યારે અગાઉ ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૩૪ કિલો ગાંજા સાથે ઝડપાયેલા પેડલરને એસઓજીની ટીમે અટકાયતમાં લઇ PIT NDPS ની દરખાસ્ત તૈયાર કરી પાસામાં વડોદરા જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સૂચનાથી NDPS ના નોંધપાત્ર કેસોમાં ઝડપાયેલા માદક પદાર્થનું વેંચાણ કરતા શખ્સો વિરૂધ્ધ દરખાસ્ત કરી ડીજીપી સીઆઇડી ક્રાઇમને મોકલાવવામાં આવ્યા બાદ શહેરમાં માદક પદાર્થોનો વેપલો કરતા શખ્સો અંકુશમાં આવે અને લોકોની આર્થીક તથા સામાજીક સુખાકારી, પાયમાલીના માર્ગ તરફ જતા અટકે અને યુવાધન આવી બદીથી દુર રહે જેથી કાયદાનો કડક અમલ કરવા માટે PIT NDPS ની દરખાસ્ત તૈયાર કરી મોકલાવવામાં આવી હોય જેના પગલે અગાઉ ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૩૪ કિલો ગાંજા સાથે ઝડપાયેલ શાહરૂખ રહીમ મકવાણા (રહે. વિનોદનગર કવાર્ટર) નામના શખ્સની અટકાયત એસઓજીના પીઆઇ એસ.એમ.જાડેજાની સૂચનાથી પીએસઆઇ વી.વી.ધ્રાંગુ તથા એએસઆઇ અરૂણભાઇ સહિતના સ્ટાફે કરી પાસાનું વોરંટ ઇસ્યુ કરી વડોદરા જેલ ખાતે ધકેલી દેવામાં આવ્યો છે.

**એસઓજીની ટીમે PIT NDPS દરખાસ્ત તૈયાર કરી વોરંટની બજવણી કરી વડોદરા જેલમાં ધકેલાયો**

# મોરબીના રંગપર ગામે બાવળની ઝાડીમાંથી ૩૫૦ લીટર દેશી દારૂ સાથે બે પકડાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના રંગપર ગામની સીમમાં આવેલી બાવળની ઝાડીમાંથી મોરબી તાલુકા પોલીસે દરોડો પાડી ૩૫૦ લીટર દેશી દારૂ સાથે બે ઇસમોને ઝડપી પાડ્યા છે.

મોરબી તાલુકા પોલીસ મથક પીઆઇના માર્ગદર્શન હેઠળ તાલુકા પોલીસ ટીમ કાર્યરત હોય તે દરમિયાન બાતમી મળી કે, રંગપર ગામની સીમમાં ક્રિકેટ ગ્રાઉન્ડ પાછળ બાવળની ઝાડીમાં દેશી દારૂનો જથ્થો છુપાવી રાખવામાં આવ્યો છે. જેથી પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરતાં ત્યાંથી આરોપી સુરાભાઈ હીરાભાઈ માથાસુરીયા ઉવ.૫૩ રહે-હાલ રંગપર ગામની સીમ મહાવીરસિંહ ઝાલાની વાડીએ મુળગામ-કાનપુર તા-સાયલા જી-સુરેન્દ્રનગર તથા આરોપી ગુલાબભાઈ ઉર્ફે જલાભાઈ વીકુભાઈ સાડમીયા ઉવ.૨૨ રહે-હાલ રંગપર ગામની સીમ મહાવીરસિંહ ઝાલાની વાડીએ મુળગામ-હીરાસર ગામ તા-ચોટીલા જી-સુરેન્દ્રનગર નામના બે ઈસમો દેશી દારૂ ૩૫૦ લીટર કિ.રૂ.૭૦,૦૦૦/- સાથે મળી આવ્યા હતા. હાલ તાલુકા પોલીસે બન્ને આરોપીઓની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જવેલર્સની નજર ચૂકવી સોનાની બુટી તફડાવી જનાર ગઠિયો સકંજામાં

## ગ્રાહકના સ્વાંગમાં આવેલો તસ્કર કળા કરી ગયાની ફરિયાદ નોંધાઈ’તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સંતકબીર રોડ પર હાઉસિંગ બોડ કવાર્ટર પાસે આવેલી બાલકૃષ્ણ સોસાયટીમાં રહેતા અને ગોકુળનગર આવાસ યોજના સોંપીગ સેન્ટરમાં મીરાજ જવેલર્સ નામની દુકાન ધરાવતા કમલેશભાઈ લાધાભાઈ મુછાળા (ઉ.વ.૬૫)નામના વેપારીએ થોરાળા પોલીસ મથકમાં નોધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા.૪-૧૦ના સવારે તેઓ દુકાને ગયા હતા અને સાંજે છ વાગ્યાના અરસામાં તેઓ દુકાને હતા ત્યારે એક ગ્રાહક આવેલો જેણે સફેદ કલરનો શર્ટ અને બ્લુ કલરનું જીન્સનુ પેન્ટ પહેરેલુ હતુ ગ્રાહકે સોનાની બુટી બતાવાનુ કહેતા તેઓએ કબાટમાં રાખેલી અલગ અલગ સોનાની બુટી ટ્રેમાં રાખી બતાવી હતી. જેમાંથી તેણે એક બુટી ગમી જતા આ બુટી બાજુમાં રાખી

વેપારી દુકાનમાં માલ ગોઠવતા હતા ત્યારે એક બુટીની જોડી ઓછુ હોવાનુ જાણવા મળતા આગલા દિવસે આગેલો ગ્રાહક તેમની નજર હતી અને અન્ય વસ્તુઓ બતાવાનુ કહેતા તેઓ અન્ય વસ્તુઓ બતાવતા હતા. બાદમા તેણે આ વસ્તુ ગમતી નથી જેથી ફરિયાદએ બીજો માલ કાલે આવશે તેમ કહેતા ગ્રાહક હુ કાલે આવશી તેમ કહી ત્યાથી જતો રહ્યો હતો. બાદમાં બીજા દિવસે ચૂકવી સોનાની બુટીની જોડી વજન ૩.૭૦૦ મીલી, કિં.૩૭૫૦૦ની ચોરી કરી લઈ ગયો હતો. આ અંગે થોરાળા પોલીસે ગ્રાહકના સ્વાંગમાં આવેલા અજાણયા શખ્સ વિરુધ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન પોલીસે બાતમીના આધારે બુટીની ચોરી કરનાર આરોપીને સંકજામાં લઈ લીધો હોવાનુ જાણવા મળ્યુ છે.

# રેસકોર્સ માંથી ચકચારી ૩૨ લાખ લૂંટ પ્રકરણમાં પાંચેય આરોપીઓના જામીન રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રેસકોર્સમાંથી ૩૨ લાખ ભરેલી બેગ લૂંટી લેવાના ચકચારી પ્રકરણમાં અદાલતે આરોપી શાહબાઝ મોટાણી સહિતના પાંચેય આરોપીઓની રેગ્યુલર જામીન અરજી ફગાવી દીધી છે. કેસની હકિકત મુજબ, ગત તારીખ ૮/૧૦/૨૫ના શીતલ પાર્ક પાસે આવેલ શહીદ સુખદેવ ટાઉનશિપમાં રહેતા ફરિયાદી સમીર રશ્મિકાંત પંડયા પાસેથી પોલીસની ખોટી ઓળખ આપી ટીઆરબીમાં ફરજ બજાવતા શાહબાઝ ઈસ્માઈલ મોટાણી અને તેની સાથે આવેલ અન્ય આરોપીઓએ લૂંટ ચલાવી હતી.

ઘટના અંગે પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, ગુનામાં સંડોવાયેલ આરોપી નિશાંત બોરસદીયાને તેમના પરિચિત શૈલેષભાઈ પાસેથી ૨૫ લાખ લેવાના હોય ત્યારે શૈલેષભાઈને નિશાંતને ૩૨ લાખ આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કર્યા હતા જે રકમ સમીરભાઈ લેવા આવવાના હોય ત્યારે પૈસા સમીરભાઈ પાસે આવી જાય પછી લૂંટનો પ્લાન બનાવ્યો હતો.

આ સમગ્ર મામલે પોલીસે તપાસના આધારે શાહબાઝ મોટાણી, અતિક સુમરા, મહેશ વાઘેલા, દાનિશ શેખ, નિશાંત બોરસદીયાની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. આરોપીઓએ જેલમુક્ત થવા કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. આ અરજી ચાલવા પર આવતા સરકારી વકીલે કરેલી દલીલો, રજૂઆતો બાદ અદાલતે પાંચેય આરોપીઓની જામીન અરજી ફગાવી દીધી હતી. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ સમીર ખીરા રોકાયેલા હતા.